વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક

# કોશિશ થી કામયાબી



**૧૫ એપ્રિલ-૨૦૧૮**

**અંક નં. ૬૪**



સંસ્થા દ્વારા મહુવા ખાતે યોજાયેલ વિનામુલ્યે સાધન સહાય કેમ્પમાં ઉપસ્થિત કેમ્પના દાતાશ્રી વામનભાઇ પારેખ (નીલકમલ ફાઉન્ડેશન, મુંબઇ)




મુંબઇ ખાતે યોજાયેલ ધ સાઇલેન્ટ ઓલમ્પિયાડમાં સંસ્થાના શ્રવણમંદ વિદ્યાર્થીઓ




સંસ્થાના તળાજા રિસોર્સ સેન્ટર ખાતે જન્મદિવસની ઉજવણી



વુમન્સ આઇ.ટી.આઇ.ની મુલાકાતે સંસ્થાના શ્રવણમંદ વિદ્યાર્થીઓ



સંસ્થાની સી. પી. સ્કૂલમાં દિવ્યાંગો દ્વારા હોળી-ધૂળેટીની ઉજવણી



સંસ્થાના ૧૨ ધોરણના શ્રવણમંદ વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ

હવે આપ વેબસાઇટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઇ શકો છો


Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly

Date of Publication : 15 April - 2018 ♦ Posted at 20th of every month at BHAV.RMS ♦ Subscription Rs. 150 per year (12 Issue) ♦ Total Page : 24

**અભિનંદન**

## શ્રી પારસભાઈ શાહ



PNR સોસાયટીના ભાવનગરના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહની રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના **જનરલ કાઉન્સિલ** (એપેક્ષ બોક્ષ) **મેમ્બર** તરીકે નિમણૂંક થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે. સમગ્ર સૌરાષ્ટ્રમાંથી સૌ પ્રથમ વખત આ કાઉન્સિલમાં તેમની નિમણૂંક થયેલ છે, તે ગૌરવની બાબત છે આ સિધ્ધિ માટે આપણે શ્રી પારસભાઈને અભિનંદન પાઠવીએ છીએ.

## શ્રી રેશ્માબેન શાહ



'અંકુર' દ્વારા ચાલતી ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (MR)ના કો-ઓર્ડિનેટર તથા સ્પેશ્યલ એજયુકેટર શ્રી રેશ્માબેન શાહ, રીહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (ન્યુ દિલ્હી), જે સમગ્ર દેશમાં દિવ્યાંગોના નિષ્ણાંતોની **તાલીમ કોલેજીસ**નું કાર્ય કરે છે, તેની **વેસ્ટન ઝોનલ કમિટી**માં નિયુકત થયાં છે. RCI દ્વારા, દિવ્યાંગોને વિશિષ્ટ તાલીમ અને શિક્ષણ માટે સ્પેશ્યલ એજયુકેટર્સ અને સંલગ્નિત રજીસ્ટર્ડ પ્રોફેશનલ્સ માટે, સમગ્ર દેશમાં તાલીમ કોલેજીસ કાર્યરત છે. શ્રી રેશ્માબેનની આ ક્ષેત્રની કવોલીફિકેશન તથા અનુભવને ધ્યાનમાં લઈને, આ કમિટીનું સભ્યપદ મળેલ છે, જે ગૌરવની બાબત છે. સંસ્થા પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.

## 'ક્રોસ ડિસેબિલિટી' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન

ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સી.પી. સ્કૂલ અને 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના સંયુકત ઉપક્રમે, નટરાજ કોલેજના કોન્ફરન્સ હોલમાં તા.૨૪/૨/૨૦૧૮ના રોજ **'ક્રોસ ડિસેબિલિટી'** કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરાયેલ હતું. શ્રી જીજ્ઞાબેન શાહ અને રેશ્માબેન શાહ દ્વારા પ્રભુ પ્રાર્થના ગવાઈ. ત્યારબાદ માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે પધારેલ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ હતું. નટરાજ સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહ અને અંકુરના વિશિષ્ટ શિક્ષક શ્રી રેશ્માબેન શાહ દ્વારા, આર.સી.આઈ. રચિત **ઈન્કલુઝીવ એજયુકેશન** માટે અનિવાર્ય, **એડવાન્સ કોર્સ ઈન ઈન્કલુઝીવ એજયુકેશન, ક્રોસ ડિસેબિલિટી** પર સવિસ્તાર સમજ આપી હતી. સર ટી. હોસ્પિટલના સાઈકાટ્રિક વિભાગના વડા ડૉ. ભરત પંચાલ, બન્ને સંસ્થાના ટ્રસ્ટીગણ, વિશિષ્ટ શિક્ષકોના વરદ્ હસ્તે દીપ પ્રાકટય દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ડૉ. પંચાલ સાહેબે પોતાના પ્રસંગોચિત વકતવ્યમાં, **'ભકિત અને ભણતર અનંત છે,** એ વાત કરી. નવું શિખવાની PNRની પ્રવૃત્તિની પ્રસંશા કરી અને આવી તકો પૂરી પાડવા માટે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી.' કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝા તથા આભારવિધિ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ.

## પી.એન.આર. સોસાયટી બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦




**President**
Shashikant R. Vadhar



**Chairman**
Narendra K. Shah



**Patron Chairman**
Natvarlal C. Desai



**Vice Chairman**
Bharat S. Parekh



**Vice Chairman**
Krishnakant V. Chitaliya




**Secretary General**
Paras C. Shah



**Secretary**
Kirit A. Rathod



**Jt. Secretary**
Prakash N. Desai



**Jt. Secretary**
Dhiru J. Dhandhukiya



**Treasurer**
Harshkant P. Rakhashia



**Jt. Treasurer**
Girish C. Shah



**Trustee**
Pratap S. Parekh



**Trustee**
Kirti B. Sanghvi



**Trustee**
Raj K. Shah




**Trustee**
Ashvin G. Pandya



**Trustee**
Pradip R. Bhatt



**Trustee**
Hiten P. Dalal



**Trustee**
Anantrai A. Shah



**Trustee**
Mahasukh K. Jakadiya



**Trustee**
Harshad C. Sheth



**Trustee**
Jitendra J. Mehta



**Trustee**
Vaman V. Parekh



**Founder, Chief Executive**
Anantrai K. Shah




'ક્રોસ ડિસેબિલિટી' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતા મહાનુભાવો

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . ૦૪
- મહુવામાં યોજાયેલ વિનામુલ્યે સાધન સહાય કેમ્પ . . . ૦૫
- હેમાબેન ઉદ્દેશી સાથે ગેટ-ટુ-ગેધર . ૦૬
- નેશનલ કોન્ફરન્સ ઓન 'સ્ટ્રેજીસ ટુ એચિવ ઈન્ક્લુઝન' માટે પ્રેસ કોન્ફરન્સ . . . . . . . . . ૦૬
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૦૭
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૦૮
- ભવ્યની સફળ યાત્રાની શરૂઆત . . ૦૯
- સ્વ. શ્રી પી.જી.હેમાણીને શ્રદ્ધાંજલી ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-હાઈટેક શાળા . . ૧૧
- બહેરાં મૂંગા શાળા પ્રવેશ જાહેરાત . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T.ટેક.પાર્ક ૧૨
- સંક્ષિપ્ત સમાચાર-વિકલાંગ મહિલા સશક્તિકરણ . . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-KL-PRV . . . . ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-KL-TTC . . . . ૧૭
- પી.એન.આર. મુલાકાત. . . . . . . ૧૮
- સંક્ષિપ્ત સમાચાર-KL-Hostel . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- દાતાઓની યાદી . . . . . . . . . . ૨૧
- દાતાઓનો ફોટો . . . . . . . . . . ૨૨
- અભિપ્રાય. . . . . . . . . . . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

''સિતારોં સે આગે આસમા ઔર ભી હૈ'', ઉર્દુ શાયર ઈકબાલનું કથન, વધુ એકવાર સાચું પડયું. આપણાં માટે વિકલાંગતા અટકાયતની 'કોશિશ' થી પુનઃવસનની 'કામયાબી' નું ક્ષિતિજ વધારે દૂર ગયું. બચાવ, તપાસ, સારવાર, શિક્ષણ, પુનઃસ્થાપનથી વાત પૂરી નથી થતી. જયાં સુધી સમાજની મુખ્ય ધારામાં બધાંજ સરખા હકકો ન ભોગવે, સરખો વિકાસ ન થાય, ત્યાં સુધી 'કામયાબી' નથી. દિવ્યાંગો માટે, સમધારણના **સિમા ચિન્હો**, તેમની માનસિકતામાંથી અને વ્યવહારમાં ભૂંસાઈ જાય, એવું **ઈન્કલુઝન** એ જ ખરી કામયાબી. હાલમાં જ સંસ્થામાં યોજાયેલ **નેશનલ કોન્ફરન્સ ૨૦૧૮**માં, **સમાયોજન** અંગેની બૌધિક સમજણનું **સોપાન**; સંસ્થાના સંચાલકો, ટ્રસ્ટીગણ, શૈક્ષણિક તજજ્ઞો, સામાન્ય અને વિશિષ્ટ શિક્ષકો તથા વાલીઓ સફળતા પૂર્વક ચડયાં. પરંતુ ખરો ખેલ હવે આવે છે, આ વિચારને ચરિતાર્થ કરવા માટે ચાલો આપણે એવી યુકિત, પ્રયુકિત, આયોજન અને એવી ઈવેન્ટ યોજીએ અને આ મુખપત્રમાં દૃષ્યમાન કરીએ; જેમ કે, એક વર્ગખંડમાં શિક્ષકની ગેરહાજરીમાં એક મગજના લકવાવાળું બાળક, પંખા પર દોરીથી લંગર નાખી રહયું છે; બે પગની ખોડખાંપણવાળા બાળકો બોર્ડ પર શિક્ષકનું કાર્ટુન, ચોકથી દોરી રહયાં છે; બે મંદબુધ્ધિવાળા બાળકો સમધારણ બાળકો સાથે ડિસ્કો કરી રહયાં છે અને જેનો આનંદ બધાં જ મનાવે છે... આવા અનેક પ્રસંગોનો અહેવાલ, આ મુખપત્રમાં મોકલવા આપ સૌને નિમંત્રણ છે.

**✍ કિરીટ રાઠોડ**


**''લોકોએ પોતાના પગો તરફ નહીં,**
**પરંતુ આકાશના તારાઓ તરફ નજર રાખવી જોઈએ.''**
**- સ્ટીફન હોકિંગ**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૬૪**
  ૧૫ એપ્રિલ - ૨૦૧૮
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **લીલા ચૌહાણ**
  **વૈશાલી યોગી**
  **નેહલ ત્રિવેદી**
  **પરિક્ષિત ભટ્ટ**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| કવાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

**✧ Deaf Empowerment Personifies KLID!**

It seems that the K. L. Institute for the Deaf (KLID) older it grows, younger it becomes. This is evident from its going extra mile for the cause of the deaf in general and deaf children in particular. The KLID deputed its students for competition for all under **Woman Got Talent Bhavnagar** and won medals and prizes. The fact that its teachers were felicitated by a renowned Jagruti Education and Charitable Trust speaks squarely of KLID's dynamism and vigour with which it embarks on mission of bringing attitudinal change in mainstream society for the Divyangs.

**◈ PRV Center Excels**

The Prabhakunvarben Ratilal Vadhar Artificial Limb Center (PRV), an arm of the KLID, supplied 1450 knee-braces in the 10 camps organised by the PNR Society one each in Jalandhar, Pune, Sirsi, Delhi, Kolkata, Mumbai, Agra, Jaipur, Tirur and Coimbatore during December, 2017 and January, 2018 for 730 beneficiaries. It also supplied artificial limbs and appliances in camps organised in Mahuva and Junagadh.

**◈ Cross-Disability Course Inaugurated**

For Inclusive Education (IE) there is abysmal shortage of professionals. In order that a teacher has full appreciation of different disabilities and ability to identify strategy to teach the disabled students,

a Cross-Disability Course was inaugurated on 24 Feb. 2018 under the auspices of PNR Society and Ankur Special School for Mentally Retarded Children.

**◈ Ankur Gets Sensory Room & Classroom Furniture – Thanks to PGVCL**

The Paschim Gujarat Vij Company Limited (PGVCL) extended generous financial assistance of the order of Rs. 8.5 lakhs for Sensory Room and Classroom Furniture. The facility was inaugurated on 27 Feb. 2018 at the hands of Shri Sudhir Bhatt (Company Secretary) and Shri A. G. Tannarana (Chief Engineer) of PGVCL. The management of Ankur and the PNR Society appreciated the kind gesture of the PGVCL administration.

**◈ Other Activities**

The AT&T Technology Park raised for rendering computer skills to the disabled has 2518 enrolment. The PNR Hospital rendered medical services to 4946 patients and performed 2422 surgical procedures. Activities of other schools and departments are also included in this issue.



**Mumbai-based team of Professionals with Trustees**

# "નીલકમલ ફાઉન્ડેશન, મુંબઇ દ્વારા મહુવામાં વિનામૂલ્યે કૃત્રિમ હાથ-પગ, કેલિપર્સનો કેમ્પ સંપન્ન"

✍ કિરીટ રાઠોડ





તા. ૨/૨/૧૮ના રોજ હનુમંત હોસ્પિટલ, મહુવા ખાતે; પી.એન.આર સોસાયટી તથા શ્રી ખી.લ.બહેરા મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત, શ્રીમતી પી.આર. વાધર વિકલાંગ સાધન સહાય કેન્દ્રના ઉપક્રમે **<u>શ્રી નીલકમલ ફાઉન્ડેશન, મુંબઇ</u>** ના આર્થિક સહયોગથી ચાર - દિવસીય **"<u>વિનામૂલ્યે કૃત્રિમ હાથ-પગ, કેલિપર્સ કેમ્પ</u>"**નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પનો ઉદ્‌ઘાટન સમારોહ, તા.૨-૨-'૧૮ ના રોજ શ્રી આર.સી. મકવાણા ( ધારાસભ્યશ્રી, મહુવા) ના અધ્યક્ષ સ્થાને તથા દાતાશ્રી વામનભાઈ પારેખ (ચેરમેનશ્રી નીલકમલ, મુંબઈ) ના મુખ્ય મહેમાનપદે યોજવામાં આવેલ. દીપ પ્રાગટ્ય વિધિ દ્વારા ખૂલ્લાં મુકાયેલ આ કેમ્પમાં, અતિથિવિશેષપદે શ્રીમતી જીતુબેન ગોહેલ (પ્રમુખશ્રી, મહુવા નગરપાલિકા), શ્રી બિપીનભાઈ સંઘવી (મેનેજીંગ ડાયરેક્ટર, મહુવા નાગરિક બેંક), શ્રી ધનશ્યામભાઈ પટેલ (ચેરમેન, મહુવા માર્કેટિંગ યાર્ડ), શ્રી બચુભાઈ પટેલ (પ્રમુખ, મહુવા ચેમ્બર્સ ઓફ કોમર્સ), શ્રી પંકજભાઈ રૂપારેલ (મેનેજીંગ ટ્રસ્ટી, મહુવા એજયુકેશન ટ્રસ્ટ), શ્રી જયેશભાઈ શેઠ (સેક્રેટરી, IMA-મહુવા), તથા ભાવનગરની સંસ્થાઓના હોદ્દેદારો સર્વશ્રી શ્રી બાબાભાઈ, શ્રી શશીકાંતભાઈ વાધર , શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી પારસભાઈ શાહ, શ્રી હર્ષકાંત રાખશિયા, શ્રી મહાસુખભાઈ ઝકડિયા તથા હનુમંત હોસ્પિટલના સર્વશ્રી ડો. કિરીટભાઈ પારેખ, શ્રી ઉમેશભાઈ જોષી, વિગેરે ઉપસ્થિત રહયાં હતાં. વિવિધ વકતાઓએ, શ્રી વામનભાઈ પારેખની **વતન પ્રત્યેના ઋણ અદા કરવાની ભાવના**ને બિરદાવી હતી.

આ કેમ્પમાં મહુવા અને આજુ-બાજુ ના ગામોમાંથી કુલ ૨૦૦ જેટલા જરૂરિયાતમંદ લાભાર્થીને તપાસી, તેઓને ૨૦૦ જેટલા જુદા-જુદા સાધનો માપ પ્રમાપે બનાવી આપવામાં આવેલ. જેમાં ૭૮ કૃત્રિમ પગ, ૩૧ કૃત્રિમ હાથ, ૭૦ કેલિપર્સ અને ૩૫ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે સ્પ્લીન્ટ, બગલ ઘોડી વિગેરે હતાં. આ સાધનો બનાવવા, પી.આર. વાધર કેન્દ્ર ભાવનગરના ઓર્થોટિક પ્રોસ્થેટિક એન્જીનિયર શ્રી કાજલબેનની આગેવાનીમાં, સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. કેમ્પના મુખ્ય દાતાશ્રી વામનભાઈ પારેખ તથા શ્રી અશ્વિનભાઈ પંડયાએ ચારેય દિવસ સંપૂર્ણ પ્રોત્સાહક હાજરી આપી, લાભાર્થીઓ માટે સંતોષકારક સાધનો બન્યાની લાગણી વ્યકત કરી હતી.

આ કેમ્પમાં અસંખ્ય લાભાર્થીઓ કે જેઓ કૃત્રિમ હાથ-પગની મદદથી કાર્ય કરતાં થતાં, તેઓની આંખોમાં હર્ષાશ્રુ વહેતા હતાં. જેમાં ખાસ ઉલ્લેખનીય છે; એક **૯ વર્ષનો બાળક** હાર્દિક ભરતભાઈ, કે જેને જન્મથી જ ધૂંટણ નીચેના બંને પગ તેમજ; કોણી નીચેનો એક હાથ જ ન હતો અને અત્યાર સુધી કોઈ **સાધન** બેસાડેલ પણ ન હતું. આ બાળકને કેમ્પમાં પહેલીવાર કૃત્રિમ હાથ-પગ બેસાડયાં ત્યારે, તે બાળક દોડવા માટે તેના પિતાના હાથમાં પણ રહેતો ન હતો, પરંતુ આ બાબતમાં **બેલેન્સ માટે પ્રેકટીસ**ની જરૂર હોય, પ્રેકટીસ માટે ભાવનગર બોલાવ્યાં હતાં. આ બાળકે પોતાના કૃત્રિમ હાથ વડે શ્રી વામનભાઈ પારેખ સાથે, **હાથ મિલાવેલ** હતો. આ રીતે આ કેમ્પ સૌ કોઈના સહયોગથી સંપૂર્ણ સફળ થયો હતો.



# શ્રી હેમાબેન ઉદ્દેશી સાથે 'ગેટ ટુ ગેધર'

ભાવનગરની પી.એન.આર. સોસાયટીના નટરાજ કોલેજના ઓડિટોરિયમ હોલમાં તા. ૨૧ માર્ચ '૧૮ની સંધ્યાએ, સંસ્થાના નિષ્ઠાવાન વરિષ્ઠ કર્મચારી, જેઓએ સન્ ૨૦૦૦ થી સંસ્થાના દિવ્યાંગ ક્ષેત્રના સેવાયજ્ઞમાં ફાળો આપેલ, જેઓ ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.એસ.એ., શેર એન્ડ કેર વિગેરે સંસ્થાઓના મધ્યસ્થીની મહત્વની ભૂમિકા નિભાવેલ, જેના પરિણામે સંસ્થાએ વધુ માત્રામાં અને ઉંચી ગુણવત્તા સાથે દિવ્યાંગોની સેવા કરી શકેલ. પ્રિવેન્શનથી રિહેબિલિટેશન સુધીના બધાં તબકકાઓમાં શ્રી હેમાબેનનું યોગદાન રહેલ હતું. એવા શ્રી હેમાબેન ઉદ્દેશીએ સ્વૈચ્છિક નિવૃત્તિ લેતાં, **'ગેટ ટુ ગેધર'** યોજાયેલ. જેમાં સંસ્થાના સર્વ શ્રી અનંત કે. શાહ (બાબાભાઈ), પ્રકાશભાઈ દેસાઈ, અશ્વિનભાઈ પંડયા, પારસભાઈ શાહ, કિરીટભાઈ રાઠોડ, ડી. જે. ધંધુકિયા,





મહાસુખભાઈ જકડીયા, જીતુભાઈ મહેતા, મફતભાઈ, મનસુખભાઈ સોરઠીયા, પ્રિવેન્શન વિભાગના કર્મચારીઓ, પી.એન. આર. પરિવારના સભ્યો, આ પ્રસંગે ઉપસ્થિત રહેલ અને પ્રિવેન્શન વિભાગે શ્રી હેમાબેન ઉદ્દેશીને **સ્મૃતિ ભેટ** આપેલ. શ્રી બાબાભાઈ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી કેતનભાઈ રૂપેરાએ પ્રસંગોચિત વકતવ્ય આપેલ. શ્રી હેમાબેને પ્રિવેન્શનની કામગીરીના **સુવર્ણ દિવસો** યાદ કરી, જોશીલા સાથીઓને ધન્યવાદ આપ્યાં અને હજુ પણ સંસ્થા માટે તત્પર રહેવાનું આશ્વાસન આપ્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી પારસભાઈ શાહ, સેક્રેટરી જનરલે, તથા આભારવિધિ માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરેલ હતી.

# "નેશનલ કોન્ફરન્સ ઓન 'સ્ટ્રેટેજીસ ટુ એચિવ ઈન્કલુઝન' માટે પ્રેસ કોન્ફરન્સ"



ભાવનગરની પી.એન.આર. હોસ્પિટલના કોન્ફરન્સ રૂમમાં તા.૯-૩-૨૦૧૮ શુક્રવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે, એક **પ્રેસ કોન્ફરન્સ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રીમતી આલોકા ગુહા (ફાઉન્ડર ચેરપર્સન, નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી) સ્પાસ્ટીક સોસાયટી ચેન્નઈના શ્રી એલ. વી. જયશ્રી, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, નટરાજ સી.પી. સ્કૂલના આચાર્યશ્રી જીજ્ઞાબેન શાહ તથા દૈનિક અખબાર અને વિઝયુઅલ મિડીયાના ૧૪ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ હતાં. પ્રારંભે માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે પ્રિન્ટ/ટી.વી. મિડીયાના પ્રતિનિધિઓને સંસ્થા પરિચય તથા પ્રસંગ પરિચય આપવા સાથે, આવકાર્યા હતાં.


કોન્ફરન્સના અધ્યક્ષ શ્રી આલોકા ગુહાએ પોતાના વકતવ્યમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની **મન કી બાત**માં રજૂ કરેલ વાતનો ઉલ્લેખ કર્યો કે 'દિવ્યાંગોનો વિકાસ પણ સૌના વિકાસ સાથે થવો જોઈએ. અત્યાર સુધી આપણે તેને ખોડ-ખાંપણવાળા ગણી જુદા પાડતાં, હવે તે દિવસો ગયાં છે અને તેઓને સાથે જ રાખી, સમાન દરજજો આપી, સાથે જ શારીરિક ક્ષતિઓ માટે તપાસવા, સાથે જ ભણાવવા અને સાથે જ પુનઃસ્થાપિત કરવાના છે. સરકારશ્રીમાં છેલ્લાં ત્રણ વર્ષથી આ કામ ચાલું છે. આ કોન્ફરન્સ તે દિશામાં પહેલું જ પગલું છે, જેમાં મહત્વની પ્રગત્તિ અને નિર્ણયો થનાર છે. તો મિડીયાને સહકાર આપવા વિનંતી કરું છું. શ્રી વિપુલભાઈ હિરાણી (જયહિન્દ) અને શ્રી બકુલભાઈ ચાતુર્વેદી (ફૂલછાબ) વિ. પ્રતિનિધિઓએ રસપ્રદ પ્રશ્નોતરી કરી હતી.

સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે આ પ્રસંગને ન્યાય આપવા પધારેલાં અખબારના પ્રતિનિધિઓને ઘણાં પ્રશ્નોના જવાબ આપ્યાં અને સંસ્થાના કામમાં સહકાર આપવા બદલ આભાર માન્યો.



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન

### રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન :-



પી.એન.આર.સોસાયટી, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. તથા ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના **કોમ્પ્રિહેન્સિવ ડિસેબિલિટી પ્રિવેન્શન એન્ડ વેલ બિઈંગ પાર્ટનરશીપ પ્રોગ્રામ** અંતર્ગત, **વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન**, રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ નીચે, ફેબ્રુઆરી થી માર્ચ-`૧૮ દરમ્યાન ભાવનગર જિલ્લાની શાળાઓમાં રૂબેલા રસીકરણ કેમ્પ કરેલ. સુરેન્દ્રનગરની **ભારત સેવક સમાજ સંસ્થા** દ્વારા, **૦૪** શાળામાં **૬૭૦** લાભાર્થીને રૂબેલા રસીકરણ કરવામાં આવ્યું. ભાવનગર જિલ્લાનાં અલગ - અલગ તાલુકામાં કુલ **૩૬** શાળા-કોલેજમાં **૨૩૩૦** લાભાર્થીઓને **અવેરનેસ** આપી, **૨૩૩૦** બહેનોને રૂબેલા રસીકરણ કરી સુરક્ષિત કરવામાં આવ્યાં. વર્ષ દરમિયાન **૨૫૩૯૨** બહેનોને રૂબેલા વિશે સમજુતી આપી, તે પૈકી **૧૫૦૧૨** બહેનોને રસીકરણ કરવામાં આવ્યું હતું.

### ડેફનેસ - બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :-



ફેબ્રુઆરી થી માર્ચ - ૨૦૧૮ માં ડેફનેસ- બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ અંતર્ગત, પાલિતાણા, ગારિયાધાર, સિહોર તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળકોની આંખ, કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવેલ. **વિકલાંગતા અટકાવ અભિયાન**, અંતર્ગત PNR સોસાયટીના પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટ દ્વારા, પ્રાથમિક શાળાનાં **૬૯૯૯૪** બાળકોની તપાસ થઈ, તેમાંથી **“રિફ્રેક્શન એરર”** હોય તેને **૧૧૮૬** બાળકોને ચશ્મા વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું. આ ઉપરાંત આંગણવાડીના દરેક બાળકોને વિટામીન **‘એ’** ના ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યાં, ત્રણ NSS કેમ્પ અન્વયે શાળાઓનાં બાળકોની તપાસ કરવામાં આવી. તેમજ મહુવા તાલુકાનાં સથરા પ્રાથમિક શાળામાં M.N. High School નાં NSS કેમ્પ અંતર્ગત PNR Prevention Team દ્વારા **અંધત્વ બહેરાશ અટકાવ અભિયાન**, બે તાળા ચશ્મા તપાસ તથા રાહત દરે ચશ્મા વિતરણ, તેમજ રૂબેલા રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલીતાણા તાલુકાનાં શત્રુજય ડેમ કેન્દ્રવર્તી શાળા ખાતે તા.૯-૨-૧૮ નાં ENT Camp નું આયોજન કરી કાનમાં રસી, પડદામાં કાણું, તેમજ હાડકીનો સડો વિગેરે તકલીફવાળા બાળકોને ડો.અશોક બારૈયા (ઈ.એન.ટી. સર્જન)એ તપાસી, ૩૫ બાળકોને પી.એન. આર.હોસ્પિટલ રીફર કરવામાં આવ્યાં. જેમાંથી **૩૩** બાળકોને, કાનના પડદામાં કાંણાંના ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં.

### પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-




ફેબ્રુઆરી થી માર્ચ - ૨૦૧૮ **બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું** આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૮૧** બાળકોને તપાસી, લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ **૧૯**

બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૫ કપાયેલા હોઠના, ૩ તાળવામાં કાણાંના ૩** હાઈપોસ્પીડિયા, તેમજ **૮** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ, આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહ્યાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાઘવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-

ફેબ્રુઆરી થી માર્ચ - ૨૦૧૮ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ બે મહિનામાં શ્રી સત્યસાંઈ સેવા સમિતિ ભાવનગર દ્વારા, **૧૨** નિદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યા હતા. પી.એન.આર. હોસ્પિટલનાં આંખ વિભાગમાં **૧૦૧૯** ની ઓ.પી.ડી. કરવામાં આવી. જરૂરિયાતમંદ લોકોને દવા, ટીપાં વગેરે વિતરણ કરેલ હતું. **૨૨૪** લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૧૨૨** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૫૭** દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.

## લેડી એગ્રેમોન્ટ પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સેન્ટર




ફેબ્રુઆરી થી માર્ચ - ૨૦૧૮ દરમ્યામન લેડી એગ્રેમોન્ટ પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સેન્ટરમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ડૉ.જનક શાહ (પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સર્જન) તેમજ ડૉ. પ્રિતિ શાહ (ઓપ્થેલ્મિક સર્જન) દ્વારા બાળકોની ત્રાંસી આંખ, પાંપણ ઢળી જવી, આંખ સતત હલવી વિગેરે આંખની તકલીફો, તેમજ આંખની અન્ય ખામીઓનું નિદાન-સારવાર વિનામૂલ્યે કરવામાં આવ્યું. આ કેમ્પમાં ભાવનગર જિલ્લા તેમજ આજુ-બાજુનાં જિલ્લાઓમાંથી વાલીઓ તેમનાં બાળકોને લઈને આવ્યાં હતાં તેમાં **૫૭** બાળકોની ઓ.પી.ડી. કરવામાં આવેલ. તે પૈકી **૧૯** બાળકોનાં ઓપરેશન કરી આપ્યાં, જેમાં ત્રાંસી આંખ, પાંપણ ઢળી જવી, આંખ સતત હલતી, Fundus & Refrection, Sac Syring વિગેરે, તદ્દન ફ્રી ડૉ.જનક શાહ દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવેલ.



# સંક્ષિપ્ત સમાચાર

મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

**જાન્યુ. થી ફેબ્રુ.-૨૦૧૮ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૮૫ | ૧૭ (૩ પોલિયો) | ડેન્ટલ | ૧૮૪ | ૮૬ |
| આંખ | ૧૧૩૨ | ૨૫૫ | જનરલ ઓપીડી | ૧૫૯૯ | - |
| છારી કાઢેલ | - | ૪૩ | એક્ષ-રે | ૧૨૦ | - |
| ઈ.એન.ટી. | | | લેબોરેટરી | ૬૬૬ (દર્દી) | ૧૯૪૩ (ટેસ્ટ) |
| કાન,નાક,ગળા | ૬૧૦ | ૨૧ | રસીકરણ | ૫૩ | - |
| ઓર્થોસ્કોપી | ૫૨ | - | ચામડી | ૭૬ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૧૦૧ | ૩૪ | સાયકાટ્રિક | ૫ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૯ | ૬ | ઓર્થોડેન્ટલ | ૪૪ | ૧૭ |

પી.એન.આર. હોસ્પિટલ, અંધશાળા કેમ્પસ, વિદ્યાનગર, ભાવનગર ખાતે, જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટીના સહયોગથી મોતિયાના ઓપરેશન,નિષ્ણાંત ડૉકટરો દ્વારા **ફ્રી** કરી આપવામાં આવે છે. જાહેર જનતાને લાભ લેવા અપીલ તથા ભાવનગર મહાનગરપાલિકાના સહકારથી **ફ્રી રસીકરણ** દર ગુરુવારે સાંજના ૪ થી ૬ જેમાં બી.સી.જી., પોલિયો, હિપેટાઈટીસ-બી, ઓરી પેન્ટાવેલન્ટ, વિટામીન-એ, ત્રિગુણી તથા ધનુરની રસી આપવામાં આવે છે. તથા રૂબેલા (નૂરબીબી)ની રસી, પી.એન.આર. હોસ્પિટલ દ્વારા, સોમ થી શનિ **૯ થી ૬** સુધી આપવામાં આવે છે. તથા ઓર્થોપેડિક ડૉકટરની સેવા સોમથી શનિ સાંજના ૪ થી ૬ ઉપલબ્ધ છે.

**વધુ વિગત માટે હોસ્પિટલના રિસેપ્શનમાં ફોન નં. : ૦૨૭૮-૨૪૩૧૧૫૦ પર સંપર્ક કરવો.**

# "ભવ્યની સફળ યાત્રાની શરૂઆત"



## 'દૃઢ નિશ્ચય જરૂર સફળતાના શિખરે પહોંચાડે જ છે.'

✍ કવિતા પારસ શાહ



હું શાળાના વર્ગખંડમાં કાર્ય કરતી હતી અને અચાનક જ એક અવાજ મારા કાને ગૂંજયો, **"કવિતાબેન મિચ્છામી દુક્કડમ્"** આ વાકય સાંભળતા જ મારી આંખમાંથી હર્ષના અશ્રુ છલકાયા અને મન મલકાયું કે, **"જાત્રાની સાથે જ, ભવ્યની સફળ યાત્રાની શરૂઆત"**, કોકલિયર ઈમ્પ્લાન્ટ દ્વારા થઈ. મારે વાત કરવી છે દિવ્યાંગ બાળક ભવ્યની. માતાના ઉદરમાં ઉછરી રહેલ બાળક માટે, દરેક માતા સ્વપ્નામાં રાચતી હોય છે. જયારે પિતા નવા સભ્યના આગમનમાં વ્યસ્ત હોય પરંતુ, **"ઈશ્વર ઈચ્છા બળવાન"**. આવા જ એક જૈન પરિવારના દંપતિને ખબર પડી કે આપણું બાળક દિવ્યાંગ છે. ત્યારે સ્વપ્ના તો રોળાઈ ગયાં. સાથો-સાથ મનથી પણ ભાંગી પડયાં. દિકરાનું નામ **ભવ્ય** રાખ્યું અને તપાસ માટે લઈ જતાં ડોકટરે જણાવ્યું કે, "આપનું બાળક શ્રવણમંદ છે, પરંતુ ઈલાજ શકય છે. અત્યારે કોકલિયર ઈમ્પ્લાન્ટની સર્જરી કરવી પડે, પરંતુ આ સર્જરી ખૂબજ ખર્ચાળ છે." 'સાધારણ પરિસ્થિતિ હોય રૂપિયા કેમ લાવશું?' તેની મૂંઝવણે, દંપતિને ફરી નાસીપાસ કર્યાં અને ભવ્યનું ભાવનગરની શ્રી ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં-મૂંગા શાળામાં એડમિશન થયું. સાથો-સાથ માતા એમ.એ. સાયકોલોજીસ્ટની ડિગ્રિ ધરાવતાં હતાં, આથી તેઓ મધર ટ્રેનિંગ પ્રોગ્રામમાં જોડાયા અને બાળક માટે પોતે ભણવાનું શરૂ કર્યું અને નિયમિત હિયરીંગ એઈડ પહેરાવવા લાગ્યાં. **"ભવ્ય"** નામ તેવા જ ગુણ ધરાવતો. તેના વાણી અને ભાષા વિકાસમાં પ્રગતિ સાથે તે વર્ગમાં હંમેશા પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થવા લાગ્યો.

દર્શનાબેન (માતા) એજયુકેટેડ હોય ઘરના રૂમમાં ચાર્ટ, ચિત્રો, બ્લેક બોર્ડ, વગેરે લગાવી ભવ્યને દૃશ્ય-શ્રાવ્યથી ભણાવવાનું શરૂ કર્યું.

મેં ભવ્યની ઉત્તરોત્તર થતી પ્રગતિને જોઈ, કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાવવાનો વિચાર દર્શનાબહેનને જણાવ્યો. પરંતુ દર્શનાબહેને જણાવ્યું કે, અમારા પરિવાર માટે શકય નથી. **"જૈન સમાજમાંથી દાતા મળી રહેશે. તમે પ્રયત્ન તો કરો ?"** આ વાકયે દર્શનાબહેનને વિચારતા કર્યા અને સંઘર્ષની શરૂઆત સાથે, મુંબઈ ખાતે ડૉ. અસીમ દેસાઈને બતાવતાં, ભવ્યની સ્પીચ સાંભળીને કહયું, "ઈમ્પ્લાન્ટ કરાવો તો ભવ્ય **નીયર નોર્મલ** થશે." પરિસ્થિતિ પરિવારની વિકટ હતી, પરંતુ જયારે ડૉકટર સાહેબ જ ઈમ્પ્લાન્ટના ડોનર બન્યાં, ત્યારે અમાસના અંધકારમાં પ્રકાશનું એક કિરણ જગમગી રહયું. આમ હિંમત હાર્યા વગર, જૈન સમાજના દાતાશ્રી, જેઓ પેપડા પરિવારને દર વર્ષે તિર્થ સ્થળોએ, **જાત્રા ફ્રી**માં કરાવી, પૂણ્યનું ભાથું બાંધે છે, તેમને આ વાતની ખબર પડતાં જ, ભવ્યનો તમામ ખર્ચ આપ્યો. આમ ભવ્યનું ૧૩ વર્ષની ઉંમરે એપોલો હોસ્પિટલમાં ઓપરેશન થયું. આજે ભવ્ય વિવિધ અવાજો સાંભળી આનંદિત થાય છે. અત્યારે તે આખા વાકય બોલીને જવાબ આપે છે. **જેમ કે, "બા ગાંઠિયા આપો"**,

## શ્રદ્ધાંજલી

આપણી સંસ્થાઓમાં વર્ષોથી અવિરત સેવા આપતાં ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી પ્રમોદભાઈ હેમાણીએ, પોતાની **જીવનલીલા** સંકેલી લીધી છે. સ્વ. હેમાણી, અનેક સ્વૈચ્છિક સંસ્થાઓનું ઓડિટ કરતાં હતાં. એટલું જ નહીં પરંતુ સંસ્થાઓને હરહંમેશ સલાહ-સૂચન અને માર્ગદર્શન આપતાં રહેતાં હતાં. કાયદા-કાનુનના નિષ્ણાંત એવા આપણાં આત્મીય સ્વ. હેમાણીની ખોટ, સંસ્થા પરિવારને ઘણી પડી છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવાર પર આવી પડેલ આપત્તિને સહન કરવાની શકિત આપે, એજ પ્રાર્થના. **ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**




સ્વ. પી. જી. હેમાણી



# સંક્ષિપ્ત સમાચાર-નટરાજ

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### કઠપૂતલી ખેલ

સી.પી. સ્કૂલમાં તા. ૩/૨ નાં રોજ, શાળાના વિદ્યાર્થીઓના મનોરંજન માટે કઠપૂતલીના ખેલનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થામાં ચાલી રહેલ **ઇન્કલ્યુઝિવ એજ્યુકેશન**ની પ્રવૃત્તિના પ્રયાસ રૂપે, હાઈટેક પ્રાયમરી સ્કૂલ તથા બાલમંદિરના વિદ્યાર્થીઓએ પણ, વિશિષ્ટ બાળકો સાથે આ કાર્યક્રમનો આનંદ લીધો હતો.

### વુમન્સ ગોટ ટેલેન્ટ




તા. ૨૫/૨ નાં રોજ, **"સ્મોલ વંડર્સ ગૃપ"** દ્વારા **"વુમન્સ ગોટ ટેલેન્ટ"** કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ આચાર્ય જિજ્ઞાબેન એન. સોલંકીને, **વુમન ઓફ સબસ્ટેન્સ** તરીકે અભિવાદન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત, આપણી નટરાજ સી.પી. સ્કૂલનો સ્ટોલ રાખવામાં આવેલ. જેમાં આપણે આપણાં બાળકો દ્વારા બનાવેલ વસ્તુઓ, જેવી કે તોરણ, કેન્ડલ, મનીકવર, સોપારીના શ્રીગણેશ તથા સ્પુન કેન્ડલ સ્ટેન્ડ જેવી વિવિધ વસ્તુઓનું પ્રદર્શન તથા વેચાણ કરેલ. આ પ્રદર્શનનું સંચાલન શ્રીમતી જિજ્ઞાબેન એન. સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી તૃપ્તિબેન મહેતા તથા શ્રી હર્ષાબેન પાડલિયાએ કરેલ.

### લર્નિંગ ડિસેબિલિટી કેમ્પ

સ્કૂલમાં તા. ૨૩-૨૪ ફેબ્રુ. ૨૦૧૮ના રોજ, RPWD Act-2016 માં સમાવિષ્ટ લર્નિંગ ડિસેબિલિટી અંગે, **જનજાગૃતિ વધારવા** કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં લેખન, વાંચન, ગણન વગેરે શીખવાની ચોકકસ સમસ્યા ધરાવતાં બાળકોનું, ખાસ વૈજ્ઞાનિક પધ્ધતિથી નિદાન-સારવાર સાથે, મનોવૈજ્ઞાનિક ટેસ્ટથી બાળકનાં IQ Test કરવામાં આવેલ તથા વાલી માર્ગદર્શન પણ આપવામાં આવેલ. આ કેમ્પમાં તજજ્ઞ શ્રી દિશાબેન શાહે (ચાઈલ્ડ સાયકોલોજિસ્ટ, મુંબઈ) સેવા આપી હતી. જેમાં કુલ ૧૩ લાભાર્થીઓ હતાં. કેમ્પને સફળ બનાવવા શ્રી વિભૂતીબેન વ્યાસે જહેમત ઉઠાવેલ.

### મહુવા-તળાજા રીસોર્સ સેન્ટરમાં હોળી તથા જન્મદિવસની ઉજવણી



શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત મહુવા તથા તળાજા રીસોર્સ સેન્ટર ઉપર, તા. ૨૮/૨ ના રોજ બાળકો દ્વારા હોળી-ધુળેટી તહેવારની ઉજવણી કરવામાં આવેલ. સાથે-સાથે ૪ બાળકોના જન્મદિવસની ઉજવણી કરી. તેમજ અંતમાં શ્રી જય વિનુભાઈ અને શ્રી કાસમભાઈ તરફથી નાસ્તો કરાવવામાં આવેલ. તળાજા સેન્ટરનાં સ્પેશ્યલ એજ્યુકેટર શ્રી પંકજભાઈ કટકિયા અને મહુવા સેન્ટર પર કેરગીવર્સ સ્મિતાબેન ટાપણિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

### હોળી-ધુળેટી તહેવારની ઉજવણી



તા. ૧-૩ ના રોજ વોડાફોન કંપનીનાં સહયોગ દ્વારા, હોળી


ધુળેટી તહેવારની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે આસિ.જનરલ મેનેજર શ્રી રંજય મિશ્રા તથા ડેપ્યુટી મેનેજર શ્રી ભાવિન ખત્રી અને ટીમ દ્વારા હોળીની શુભેચ્છા આપવામાં આવી. સંસ્થામાં અભ્યાસ કરતાં DSE (CP)નાં વિદ્યાર્થીઓ દ્વારા હોળી પ્રગટાવવાની, તેમજ તેની અંતર્ગત માહિતીનો ચાર્ટ તથા પ્રત્યક્ષ બતાવીને વિદ્યાર્થીઓને સમજણ આપેલ. વિદ્યાર્થીઓને ધુળેટી રમાડવા **હર્બલ રંગબેરંગી ગુલાલ**નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સરાહનીય કામગીરી બદલ, પી.એન.આર. સોસાયટીના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે, તેમનો તથા ઉપસ્થિત સૌ સ્ટાફ, વિદ્યાર્થી, તાલીમાર્થી તથા વાલીઓનો આભાર વ્યકત કર્યો હતો.

## LEO-Club નાં સભ્યો સાથે હોળીની ઉજવણી

તા. ૦૩/૩ ના રોજ LEO-Club ભાવનગર-સીટીના સભ્યો દ્વારા, **નટરાજ હોસ્ટેલમાં** રહીને અભ્યાસ કરતાં વિશિષ્ટ વિદ્યાર્થીઓ સાથે, ધુળેટીની ઉજવણી કરવામાં આવેલી. આ પ્રસંગે તેમના હસ્તે વિદ્યાર્થીઓને નાસ્તો કરાવવામાં આવેલ. LEO-Clubના સભ્યોએ આ વિશિષ્ટ વિદ્યાર્થીઓ સાથે ધુળેટી રમ્યા બાદ આનંદ વ્યકત કર્યો હતો.

# સંક્ષિપ્ત સમાચાર

ડૉ. ધીરુભાઈ ધંધુકિયા



## 'હાઈટેક' બાલમંદિર અને પ્રાયમરી સ્કૂલ

### સાંસ્કૃતિક કાર્યક્રમ:-



સ્કૂલના ધો. ૧ થી ૫ ના બાળકોએ **નેશનલ કોન્ફરન્સ ૨૦૧૮**માં સાંસ્કૃતિક કાર્યક્રમ **મેલોડી ડાન્સ** રજૂ કરેલ.


### હોળી સેલિબ્રેશન :-



બાલમંદિર તથા સ્કૂલમાં ધો. ૧ થી ૫ના બાળકો દ્વારા, **હોળી-ધૂળેટી પર્વ**ની ઉજવણી કરવામાં આવેલ.

**માતૃભાષા દિનની ઉજવણી :-** સ્કૂલમાં માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવેલ. જેમાં બાળકો માટે **શબ્દ શોધો** સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ અને ૧ થી ૩ નંબરને ઈનામ આપવામાં આવેલ.

## સમગ્ર ગુજરાતમાં બધિર-દિવ્યાંગો માટે વિનામૂલ્યે પ્રાથમિક શિક્ષણ



રાજય સરકારશ્રીના સમાજ સુરક્ષા ખાતાની માન્યતા પ્રાપ્ત શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળામાં આગામી જૂન-૨૦૧૮થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષમાં ૪ થી ૬ વર્ષના બધિર બાળકોને નર્સરીમાં પ્રવેશ આપવાનું કાર્ય શરૂ કરેલ છે. ધો. ૧ થી ધો. ૮ માં ઉપલબ્ધતા પ્રમાણે એડમિશન અપાશે. જેના પ્રવેશ ફોર્મ સોમ થી શુક્ર, ૧૨ થી ૫ કલાક દરમિયાન શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળા, ૫૧, વિદ્યાનગર, ભાવનગર ઉપરથી મેળવી તા. ૨૦/૪/૨૦૧૮ સુધીમાં મોકલવાના રહેશે. તા. ૨૭/૪/૨૦૧૮ને શુક્રવારે સવારે ૧૧:૩૦ વાગે વાલીએ પોતાના બાળક સાથે રૂબરૂ ઉપસ્થિત રહેવું.



# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### વિકલાંગો માટે કોમ્પ્યુટર તાલીમ મેળવવા માટેની શ્રેષ્ઠ તક



પી.એન.આર. સોસાયટી સંચાલિત એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, વિકલાંગ ભાઈ-બહેનોને ટોકન ફીથી કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવે છે. શારીરિક વિકલાંગ, આંશિક અંધ, શ્રવણમંદ, સેરેબ્રલ પાલ્સી, વિગેરે વિકલાંગતા ધરાવતા ભાઈ-બહેનો તાલીમ મેળવવા અહીં પ્રવેશ મેળવી શકે છે. વિભાગમાં કોમ્પ્યુટર બેઝિક, ડી.ટી.પી., હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ, પ્રિન્ટર રીપેરિંગ, ઓટોકેડ, એકાઉન્ટિંગ, ઈન્ટરનેટ, ઓનલાઈન અપ્લિકેશન્સ, વિગેરે કોર્સ સમયાંતરે શરુ કરવામાં આવે છે. સામાન્ય રીતે કોર્સ શરુ થવાની તારીખ ૧ જાન્યુઆરી, ૧ એપ્રિલ, ૧ જુલાઈ, ૧ ઓકટોબર હોય છે. બહારગામના તાલીમાર્થીઓને રહેવા જમવાની પણ સુવિધા અહીં ઉપલબ્ધ છે. જરૂરતમંદ વિકલાંગ ભાઈ-બહેનોને, દાતાઓની સહાય ઉપલબ્ધ હોય ત્યારે ટ્રાયસિકલ, બગલ ઘોડી, કેલીપર વિગેરે સાધન સહાય પણ વિનામૂલ્યે આપવામાં આવે છે. ૨૦૦૧ થી શરુ કરવામાં આવેલ આ વિભાગમાં આજદિન સુધીમાં વિવિધ કોર્સમાં ૨૫૧૮ જેટલું એનરોલમેન્ટ થયું છે. સમગ્ર ગુજરાતના વિકલાંગ ભાઈ-બહેનો આ સુવિધાનો લાભ મેળવી રહયાં છે. અહીં તાલીમ મેળવી જે વિકલાંગ ભાઈ-બહેનો નોકરી મેળવવામાં કે પોતાનો વ્યવસાય શરુ કરવામાં સફળ થયા છે, તે તાલીમાર્થીઓની સાફલ્યગાથા **''સફળતાનું રહસ્ય''** પુસ્તિકા સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. કોમ્પ્યુટર કોર્સની સાથોસાથ રીઝયુમ ટ્રેઈનિંગ, ઈન્ટરવ્યુ ટ્રેઈનિંગ, પર્સનાલિટી ડેવલપમેન્ટ, કાઉન્સેલિંગ, વ્યકિતગત માર્ગદર્શન, જનરલ ઈંગ્લિશ વિગેરે પ્રવૃત્તિઓ દ્વારા તાલીમાર્થીઓનું ઘડતર કરવામાં આવે છે. આ ઉપરાંત નોકરી મેળવવા માટેનું માર્ગદર્શન, મલ્ટીનેશનલ કંપનીઓમાં નોકરી કઈ રીતે મેળવી શકાય ? તેવી માહિતી પણ આપવામાં આવે છે. ૧૮ થી ૩૫ વર્ષની ઉંમર અને વિકલાંગતાનું સરકાર માન્ય પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારોને વહેલો તે પહેલોના ધોરણે, આ સુવિધાનો લાભ મેળવવા અનુરોધ છે. સંસ્થાએ નિયત કરેલ પ્રવેશફોર્મની સાથે ૩ પાસપોર્ટ સાઈઝના ફોટા, વિકલાંગતાનું પ્રમાણપત્ર, આધારકાર્ડ, જયાં સુધી અભ્યાસ કર્યો હોય તે પરીક્ષાનું પરિણામ, શાળા છોડયાનું સર્ટિફીકેટ વિગેરેની નકલ જોડી, ફોર્મ જમા કરાવી, સંસ્થાના નિતી નિયમોને આધિન પ્રવેશ મેળવી શકશે. પ્રવેશફોર્મ રૂબરૂમાં રજાના દિવસો સિવાય સવારે ૧૦ થી ૧ દરમ્યાન મેળવી શકાશે. પ્રવેશફોર્મ સંસ્થાની વેબસાઈટ (pnrsociety.org/resource) ઉપરથી ડાઉનલોડ કરી પૂરી વિગતો ભરી મોકલી શકાશે.

### એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કોમ્પ્યુટર કોર્સમાં થયેલ એનરોલમેન્ટ

| વર્ષ | એનરોલમેન્ટ | વર્ષ | એનરોલમેન્ટ | વર્ષ | એનરોલમેન્ટ |
|---|---|---|---|---|---|
| ૨૦૦૧-૨૦૦૨ | ૧૧૯ | ૨૦૦૭-૨૦૦૮ | ૧૬૦ | ૨૦૧૩-૨૦૧૪ | ૧૦૮ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૧૯૦ | ૨૦૦૮-૨૦૦૯ | ૯૮ | ૨૦૧૪-૨૦૧૫ | ૧૪૦ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૨૧૪ | ૨૦૦૯-૨૦૧૦ | ૧૧૯ | ૨૦૧૫-૨૦૧૬ | ૧૫૫ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૩૧૧ | ૨૦૧૦-૨૦૧૧ | ૧૩૮ | ૨૦૧૬-૨૦૧૭ | ૧૪૬ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૧૧૧ | ૨૦૧૧-૨૦૧૨ | ૧૩૮ | ૨૦૧૭-૨૦૧૮ | ૧૦૪ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૧૧૨ | ૨૦૧૨-૨૦૧૩ | ૧૫૫ | **કુલ** | **૨૫૧૮** |



# સંક્ષિપ્ત સમાચાર

✍ નરેશ અજમેરા



## શ્રીમતિ જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ

### શ્રીમતિ જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ યોજના :-

મહિલા સશકિતકરણ યોજનાના ૧૦ વિકલાંગ બહેનોનું તા. ૮ માર્ચ ૨૦૧૮ ના આંતર રાષ્ટ્રીય મહિલા દિને 'જાગૃતિ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા શ્રી યશવંતરાય ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સન્માન કરવામાં આવેલ, અને બધાજ બહેનોને સ્ટીલ ટીફીન ભેટ આપવામાં આવેલ. સન્માનિત થયેલ બહેનોના નામ નીચે મુજબ છે. દિપ્તીબેન સરવૈયા, દયાબેન કરકર, સમીમબેન ચાવડા, વર્ષાબેન શિયાળ, રેખાબેન મકવાણા, કૈલાસબેન ઠંઠ, જીજ્ઞાબેન ચૌહાણ, દયાબેન પરમાર, પ્રકૃતિબેન રાઠોડ અને ભારતીબેન પડધરીયા

### બહેનોની ફેકટરીમાં મુલાકાત :-

શ્રીમતિ જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ યોજનાના દસેક બહેનો, રૂવાપરી રોડ પર આવેલ **"મંગલમ એન્ટર પ્રાઈઝ"** નામની ફેકટરીની મુલાકાત લીધેલ. મુલાકાત માટેનો મુખ્ય હેતુ આ વિકલાંગ બહેનોનું પ્લેસમેન્ટ માટેનો રહેલ, તે હેતુને કેન્દ્રમાં રાખી ફેકટરીમાં થતું ઈલેકટ્રિક મીટરની સિસ્ટમ અંગેની કામગીરી ફેકટરીના ઓનર શ્રી રાજુભાઈ ભાયાણીએ સમજાવેલ, અને જે બહેનોની ઈચ્છા નોકરી કરવાની હોય તો આપવાની સંપૂર્ણ તૈયારી બતાવેલ, આવેલ બહેનોનું સ્વાગત કરી, દરેકને ભેટ પણ આપેલ. આવા વિકલાંગ બહેનોને પગભર કરવા દરેક રીતે મદદરૂપ થવા તૈયારી બતાવેલ, જે બદલ સંસ્થા તેમનો આભાર માને છે. મુલાકાતમાં બહેનોની સાથે શ્રીમતિ બિન્દીબેન ત્રિવેદી, શ્રી નરેશભાઈ અજમેરા, શ્રી ઋષિતાબેન તથા શ્રી દિપ્તિબેન પણ સાથે રહેલ.

### બોરડા સેન્ટરની એક અવિસ્મરણીય મુલાકાત

'તા.૧૩-૩-૨૦૧૮ના રોજ શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ યોજનાનું **એક સેન્ટર** બોરડા ચાલે છે, જયાં આ સેન્ટર શરુ થયું ત્યારે સિલાય મશીન ઉપર કેવી રીતે કામ કરવું, કેમ સોય પરોવવી તે અંગે કાંઈ જ ન જાણતાં વિકલાંગ બહેનોને પગભર કરવા અને સ્વમાનભેર જીવી શકે તે માટે પી.એન.આર. દ્વારા ઉપરોકત સેન્ટર ખોલવામાં આવેલ, ત્યારે કલ્પના પણ નહોતી કે એક સેન્ટર ખોલવાની સાથે, અનેક બહેનો બહેતર જીવન જીવી શકે તેવા તાળાની ચાવી આપે છે, અને માત્ર ત્રણ જ મહિનામાં બહેનોએ એક અકલ્પ્ય રીતે જે કાંઈ શૂન્યમાંથી સર્જન કરેલ છે, તે કોઈને પણ અચંબામાં નાંખી શકે છે.

આ સેન્ટરનું સંચાલન એક વિકલાંગ બહેન **શ્રી વર્ષાબેનને સોપ્યું અને તેમણે ધગશ** અને ખંતથી ગામથી અનેક બહેનોને મશીન ચલાવતાં કરી, એટલું જ નહીં સિલાઈ કામમાં પોતાનું કૌશલ્ય અને સૂઝ-બૂઝ વાપરી અનેક વસ્તુઓ બનાવેલ, જેનાં નમૂના જોઈ એવું લાગ્યું કે, એક વ્યવસાયિક અને ઘણાં વર્ષના અનુભવી કારીગરે આ વસ્તુ બનાવી છે, અમારા પાસે બોલવા માટે શબ્દ ન હોતાં, સિવાય કે **'બહુ સરસ', 'બેસ્ટ'** તે સિવાય અમે કશુંજ કહી શકીએ તેમ ન હોતાં. આંતરિક રીતે અમે જાણે તે બહેનો પાસે વામણા થઈ ગયાં, એ સમયે મને એક શ્લોક યાદ આવી ગયો. ''મૂકં કરોતિ વાચાલમ્, પંગુમલંઘયતે ગિરીમ્ । યત કૃપા તમહં વન્દે પરમાનન્દનમ્ માધવમ્ ।।'' બંને પગ પોલિયોમાં ગુમાવેલ બહેન **શ્રી રેખાબેને જેને પિતાએ તરછોડી દીધેલ, તે બંને પગ વગર સિલાઈ કામ કરી,** નવી ફેશન, વેસ્ટમાંથી બેસ્ટ બનાવી, હાથમાં એવું કૌશલ્ય કેળવ્યું કે શહેરના બ્યુટીશ્યન ને પણ પાછળ રાખી દે, તેટલી તેમની સુંદરતા નિખારવામાં નિપુણતા જોઈ, આજુબાજુના દસ ગામમાં કોઈ દિકરીના લગ્ન લેવાય ત્યારે; વાડીની સાથે રેખાબેનની તારીખ લેવાઈ જાય, આવા રેખાબેનને જીવનમાં આવેલ મુશ્કેલીઓને હરાવી, અનેક પ્રકારના પડકારને જીલી, જીવનનો જંગ જીતી ગયાં છે. આજ છે. **સ્ત્રી સશકિતકરણ** આ બંને બહેનોને મારા શત્ શત્ વંદન...


**- બિંદીબેન ત્રિવેદી**





# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલબેન ત્રિવેદી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

**૦૧.** આ વર્ષે (૨૦૧૭-૧૮) શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના ધો. ૧૦ ના ૩૨ વિદ્યાર્થીઓ અને ધો. ૧૨ ના ૨૬



બાળકો બોર્ડની પરીક્ષા આપી રહયાં છે. આ બાળકો તેમની પરીક્ષામાં સારો દેખાવ કરી ખૂબ પ્રગતિ કરે તે માટે, તા. ૨૭/૨ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરીયમમાં શુભેચ્છા સમારંભ યોજાયો હતો. જેમાં સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ દરેક બાળકને હાર્દિક શુભેચ્છા આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં. શાળાના આચાર્ય શ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી, શ્રી ઈલાબેન મજમુદાર તથા તમામ શિક્ષકગણે બધાંજ બાળકોને હૃદયથી શુભકામનાઓ આપી હતી. આ બાળકોએ પોતાની કારકીર્દી માટેની અભિવ્યકિત રજૂ કરી હતી. ધો. ૧૦ના બાળકોને ટ્રાન્સપરન્ટ પેડ અને પાઉચ તથા ધો. ૧૨ના વિદ્યાર્થીઓને ફોલ્ડર ફાઈલ આપવામાં આવ્યાં હતાં. તેમજ આ નિમિત્તે સંસ્થાના તમામ બાળકો અને સ્ટાફે કેન્ડી અને સમોસાનો નાસ્તો કરેલ.



**૦૨.** તા.૧૦,૧૧,૧૨ માર્ચ-૨૦૧૮ નટરાજ રીસર્ચ સેન્ટરમાં નેશનલ કોન્ફરન્સ ઓન ઈન્કલુઝ યોજાયેલ. તેમાં ભારત ભરમાંથી આવેલા બધાંજ ક્ષેત્રોના નિષ્ણાંતો સમક્ષ, શાળાના બાળકોએ **ક્રિષ્નાલીલા** ઈવેન્ટ રજૂ કરી મહેમાનોની પ્રશંસા મેળવી હતી.

**૦૩.** રો-રો ફેરી સર્વિસના ઉદ્‌ઘાટન પ્રસંગે માનનીય વડાપ્રધાન સાથે જોડાયેલાં દિવ્યાંગ બાળકોને, સરકારશ્રી તરફથી **ટેબ્લેટ** અપાયાં હતાં, તેનું વિતરણ કલેકટરશ્રીની સૂચનાથી બાળકોને કરવામાં આવ્યું.



**૦૪.** આ ટેકનોલોજીના યુગમાં બાળકો ઝડપથી અને નકકર અનુભવ મેળવી, ઝડપથી શિક્ષણ મેળવી શકે તે હેતુથી ધો. ૮ ના કુલ ૪૩ બાળકોને તા. ૧૩-૩ ના રોજ ટેબ્લેટ આપવામાં આવેલ.

**૦૫.** ૨૧-૨ ના રોજ **વિશ્વ માતૃભાષા દિવસ** નિમીત્તે શાળાના બાળકો માટે ભાષા વિષયક હરિફાઈ રાખવામાં આવી, માતૃભાષાનું મહત્વ બાળકોને સમજાવવામાં આવ્યું. તેમજ સંસ્થાના વડીલ ટ્રસ્ટી શ્રી મફતભાઈ શાહ દ્વારા, પી.પી.ટી.



ના માધ્યમથી ગુજરાતી ભાષા વિશે રોચક વાતો કરવામાં આવી, જેનો લાભ શ્રવણમંદ બાળકોની શાળાના તમામ શિક્ષકોએ લીધો.

**૦૬.** ફેબ્રુઆરી મહિનામાં આઈ.ટી.આઈ. મહિલા કોલેજમાં, ત્યાંની વિદ્યાર્થીઓ દ્વારા **બ્યૂટી અને ગાર્મેન્ટ એક્સ્પો.** યોજાયેલ, જે અંતર્ગત ધો. ૮ થી ધો. ૧૧ ના બાળકોને મુલાકાત કરાવેલ. શ્રવણમંદ બાળકોએ ધો. ૧૦ પછી,



તેમજ ધો. ૭ પછીના વિવિધ આઈ.ટી.આઈ. કોલેજના કોર્સ વિશે માહિતી મેળવેલ. વર્ષ દરમિયાન કોલેજની વિદ્યાર્થીઓએ શીખેલ વિવિધ ગાર્મેન્ટ્સના નમૂના જોયા. તેમજ **બ્યૂટી વિભાગ**માં, દીકરીઓએ વિવિધ બ્યૂટી ટ્રીટમેન્ટનો વિનામૂલ્યે લાભ લીધો હતો.

**૦૭.** તા.૧૯/૨ ના રોજ શાળાના ૩૬ બાળકો કે જેઓ ધો. ૨ તથા ધો. ૪માં અભ્યાસ કરે છે, તેઓને ભાવનગરના ધાર્મિક સ્થળોની મુલાકાત કરાવી. પર્યાવરણમાં ધાર્મિક સ્થળનો એકમ ભણવાનો હોઈ, બાળકોની સંકલ્પનાને નકકર કરવા માટે, આ મુલાકાતનું આયોજન થયેલ. જેમાં ચર્ચ, મસ્જિદ અને અગિયારીની મુલાકાત કરાવવામાં આવી.



**૦૮.** તા. ૧૬/૩ ના રોજ ધો.૨ ના ૧૭ બાળકોને બેંક, પોસ્ટ ઓફિસ અને દવાખાનાની મુલાકાત કરાવેલ. પર્યાવરણમાં



**જાહેર સ્થળના એકમ** અંતર્ગત બાળકોને પ્રયત્ક્ષ અનુભવ કરાવવામાં આવ્યો.

**૦૯.** બહેરાં-મૂંગા શાળામાં અભ્યાસ કરતી ધો. ૧૦ની દિકરીઓને સ્વાવલંબી બનાવવાના હેતુથી, શાળામાં **બ્યુટીપાર્લરનો કોર્સ** ચલાવવામાં આવે છે આ વર્ષે કુલ ૧૨ દિકરીઓને વિવિધ બ્યુટી ટ્રીટમેન્ટની તાલીમ શ્રી દર્શનાબેન દ્વારા આપવામાં આવી. ત્રણ મહિનાની આ તાલીમમાં, થિયરી અને પ્રેકટીકલ પરીક્ષાનું આયોજન થાય છે. દિકરીઓ વચ્ચે હરીફાઈ પણ યોજવામાં આવે છે અને દરેક તાલીમાર્થીને બ્યુટીપાર્લર માટેની ઉપયોગી કીટનું વિતરણ કરાય છે, જેથી દિકરીઓ પોતાના ઘરમાં નાનું-મોટું કામ કરી સ્વનિર્ભર બની શકે. ઉપરોકત હરિફાઈ અને કીટ માટે, શાળાના વેલ્ફેર ઓફિસર શ્રી બિન્દીબેનનો આ વર્ષે પણ સહયોગ મળ્યો છે.

**૧૦.** પૂર્વ પ્રાથમિક વિભાગના પાંચ શિક્ષકોએ, શહેરની પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા દક્ષિણામૂર્તિ ગિજુભાઈ બધેકા બાલમંદિરની મુલાકાત લઈ વિવિધ જાણકારી મેળવેલ. ત્યાં મોન્ટેસરી પધ્ધતિ દ્વારા શિક્ષણ, વર્ગની બેઠક વ્યવસ્થા, સંગીતમય શિક્ષણ, ભરપૂર શૈક્ષણિક સાધનો, ભારતની સંસ્કૃતિનું સંગ્રહાલય, બાલમંદિરનો પ્રકૃતિ પરિવેશ, રમતનું મેદાન, વિવિધ રમકડાં અને પુસ્તકોનો પરિચય મેળવ્યો.



**૧૧. સંસ્થા મુલાકાત :** આ મહિનામાં નીચેની સંસ્થાઓએ શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળાની મુલાકાત લીધેલ છે.

- ◈ એન્જિનિયર કોલેજ, સિદસર વિદ્યાર્થીઓ તથા પ્રોફેસર
- ◈ સહજાનંદ કોલેજના ફિઝિયોથેરાપી વિભાગના વિદ્યાર્થીઓ.
- ◈ લોકભારતી સણોસરાના પી.ટી.સી. તથા પી.આર.ઈ.-પી.ટી.સી.ના વિદ્યાર્થીઓ.
- ◈ લંડનથી આવેલા મહેમાનો.




**૧૨.** સંસ્થાની-શાળાની પી.ટી. ઉષા સમાન વિદ્યાર્થીની, **કુ. પ્રભા સોલંકી**ની રમત-ગમત ક્ષેત્રે સિધ્ધિઓને લગતો, એક આર્ટિકલ દૈનિકપત્રમાં છપાયો, તે માટે કુ. પ્રભા અને સમગ્ર શાળા ગૌરવની લાગણી અનુભવે છે.

**૧૩. બ્યુટી પાર્લર કોર્સ :-** તા. ૨૩/૩ ના રોજ VSEI (Volunteers In Service to education in india) U.S.A. દ્વારા સ્પોન્સર થયેલ, બ્યુટી પાર્લરના કોર્સમાં કુલ ૧૨ બહેરી મૂંગી દિકરીઓને તાલીમ લીધેલ. તાલીમ પામેલ બહેનોનું કૌશલ્ય ચકાસવા તથા તેનું મૂલ્યાંકન અને હરિફાઈ યોજવામાં આવેલ. આ બંનેમાં જજ તરીકે શ્રીમતી દીપાબેન ઠકકરે (કયુટ બ્યુટી પાર્લર) સેવા આપેલ. પ્રિન્સિપાલશ્રી ઈલાબેન મજમુદારે VSEI વિશે માહિતી આપેલ. હરિફાઈ શ્રીમતી મલ્લિકાબેન દેવેનભાઈ શેઠ સ્પોન્સર કરેલ. હરિફાઈના અંતે તેમના તરફથી શ્રેષ્ઠ મેકઅપ અને હેરસ્ટાઈલ કરનાર ૩ બહેનોને ઈનામરૂપે પંજાબી સુટ અપાયેલ. જેમાં ૧. કોમલ ડાંગર, ૨. નફીસા મેહતર, ૩. જાહન્વિકા કવાડ હતાં. ચિં. કોમલ ડાંગરને સ્વ. શ્રી ચંપાબેન બટુકરાય ત્રિવેદી તરફથી રૂા.૫૦૧નું સ્પેશ્યલ ઈનામ અપાયેલ. સમગ્ર પ્રોગ્રામ દરમ્યાન મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા તથા શ્રી જિતુભાઈ શાહ, પ્રિન્સિપાલ શ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી, શ્રી ઈલાબેન મજમુદાર અને વેલ્ફેર ઓફિસરશ્રી બિન્દીબેન ત્રિવેદીએ પ્રોત્સાહક હાજરી આપેલ. સમગ્ર તાલીમનું સંચાલન શ્રી દર્શનાબેન જાનીએ ખુબ સુંદર રીતે કરેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. કાજલબેન એમ. બોરડ



## શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાધર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર

**૧.** માહે ડિસે.-જાન્યુ.'૧૭'૧૮ દરમ્યાન કુલ ૧૦ **ની-બ્રેસ**ના કેમ્પ કરવામાં આવેલ હતાં. જેમાં જલંધર, પુના, સીરસી, દિલ્હી, કલકત્તા, મુંબઈ (લાયન્સ કલબ) આગ્રા, જયપુર, તીરૂર, કોઈમ્બતુર, મુકામે કેમ્પો કરવામાં આવેલ. જેમાં ૭૩૦ લાભાર્થીઓને કુલ ૧૪૫૦ જેટલી ની-બ્રેસ પુરી પાડવામાં આવેલ. જેમાં આગ્રા, કલકત્તાના કેમ્પ, કેન્દ્ર સરકારશ્રીની કચેરી, **હેલ્પેજ ઈન્ડિયા** દ્વારા યોજવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે, **ની-બ્રેસના ઉપયોગથી ની-રીપ્લેસમેન્ટની જરૂરિયાત રહેતી નથી અને દર્દીને ઘૂંટણના દુ:ખાવામાં રાહત રહે છે.**

**૨.** ભાવનગર મુકામે, ડિસે.-જાન્યુ.'૧૭'૧૮ દરમ્યાન કુલ ૨૦૦ જેટલાં લાભાર્થીઓને તપાસવામાં આવેલ. જેમાં લાભાર્થીઓને આશરે ૧૭૦ જેટલાં જુદા-જુદા સાધનો જેવા કે, આર્ટિ. હેન્ડ, આર્ટિ. લેગ, વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ, ની-બ્રેસ વિગેરે સાધનો પૂરા પાડેલ. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ટોકન દરથી પુરું પાડવામાં આવેલ.


**૩.** જાન્યુ.'૧૮માં વડાલ જિ. જૂનાગઢ મુકામે, સાંત્વન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કૃત્રિમ હાથ, પગ, તેમજ કેલિપર અને અન્ય સાધનોનો **કેમ્પ** કરવામાં આવેલ. જેમાં કુલ ૯૦ જરૂરિયાતમંદ દિવ્યાંગોને આશરે ૧૦૦ જેટલાં જુદા-જુદા સાધનો પૂરાં પાડવામાં આવેલ. આ કેમ્પના મુખ્ય દાતા શ્રી પ્રદીપભાઈ શાહ હતાં કે જેઓ આ દિવ્યાંગ વ્યકિતઓના કૃત્રિમ સાધનો પહેરાવીને આપેલ પ્રતિભાવથી ગદગદિત થઈ ગયેલ અને ઉપરોકત પ્રતિભાવોની વાત તેઓએ તેમના કુટુંબ સમક્ષ કહેતાં, તેમના કુટુંબીજનોએ આવો જ એક બીજો કેમ્પ કરાવવાની ઈચ્છા વ્યકત કરી હતી. આ કેમ્પ દરમ્યાન, બેલધર મુકેશ નાનુભાઈ નામના લાભાર્થી, કે જેઓનો કોણીથી નીચેના ભાગ કપાયેલ હતો અને તેમની ઉંમર ફકત ૧૭ વર્ષની હતી. હાલ તેઓ એન્જીનિયરીંગનો અભ્યાસ કરે છે. તેમણે પહેલીવાર આ મિકેનિકલ હાથ પહેરેલ છે, તેઓ હાલ લખી શકે છે, પાણી પણ પી શકે છે અને વ્હીકલ પણ ચલાવી શકે છે.

**૪.** સંસ્થાના પી. એન્ડ ઓ. કુ. કાજલબેન બોરડ, માસના પહેલાં બુધવારે એક ટેકિનશ્યન સાથે સુરત વિઝીટમાં જાય છે. જેથી ત્યાંના જરૂરિયાતમંદ દર્દીઓને તેમની સેવાનો લાભ મળી શકે અને દિવ્યાંગ વ્યકિતઓને ભાવનગર સુધી આવવું ન પડે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ સંતોષ યાદવ



## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એચ.આઈ.)

**૧. પરીક્ષા :-** તા. ૧૫ નવેમ્બરથી પ્રથમ વર્ષ બી.એડ.ના તાલીમાર્થીઓની સૈદ્ધાંતિક વિષયોની આંતરિક પરીક્ષા લેવામાં આવી હતી.

**૨. લેંગ્વેજ વર્કશોપ :-** તા. ૧૫/૧૬ નવેમ્બર ના રોજ બે દિવસીય **સાઈન લેંગ્વેજનો વર્કશોપ** યોજાયો હતો. જેમાં સુ.શ્રી. મોનિકા પંજાબી ખાસ ઉપસ્થિત રહયાં હતાં. આ વર્કશોપમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના અધ્યાપકો અને ખી.લ. બહેરાં મૂંગા શાળાના તમામ શિક્ષકો ઉપસ્થિત રહીને સાઈન લેંગ્વેજનું જ્ઞાન પ્રાપ્ત કરેલ.

**૩. A લેવલ સાઈન લેંગ્વેજ કોર્સની પરીક્ષા :-** તા. ૨૦ થી તા. ૨૨ નવેમ્બર સુધી A લેવલ સાઈન લેંગ્વેજ કોર્સની પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષા માટે બાહય પરીક્ષક તરીકે શ્રી સુનીલ પાટીદાર અને શ્રી મયંકસિંગ ઉપસ્થિત રહયાં હતાં.

**૪. તાલીમાર્થીઓની બાહય પરીક્ષા :-** તા. ૨૩ થી તા. ૩૦ નવેમ્બર સુધી, પ્રથમ અને દ્વિતીય વર્ષ બી.એડ. ના કુલ ૧૧ તાલીમાર્થીઓની સૈદ્ધાંતિક વિષયોની યુનિવર્સિટીની બાહય પરીક્ષા લેવામાં આવી હતી.

**૫. CRE પ્રોગ્રામ:-** તા. ૨૪ થી ૨૮ નવેમ્બર, એમ પાંચ દિવસીય CRE પ્રોગ્રામનું શ્રી મહાવીર ઓડિટોરીયમમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના યજમાન પદે "Methods and Techniques of Teaching Language" વિષય પર આયોજન કરાયું. જેમાં વિશિષ્ટ ક્ષેત્રના કુલ ૩૦ જેટલાં શિક્ષકો જામનગર, જૂનાગઢ, ભાવનગર, પોરબંદરથી ઉપસ્થિત રહયાં હતાં. CRE પ્રોગ્રામમાં વિવિધ વિષય તજજ્ઞોએ ભાષા અધ્યાપન માટેના પોતાના જ્ઞાનથી તાલીમાર્થી શિક્ષકોને ભીંજવ્યાં હતાં. પાંચ દિવસીય આ CRE પ્રોગ્રામનું સમગ્ર સંચાલન શ્રી સંતોષભાઈ યાદવના માર્ગદર્શન હેઠળ થયું હતું.

**૬. વિશ્વ વિકલાંગ દિવસ :-** તા. ૩ ડિસેમ્બર ના રોજ શ્રી કે. એલ. ઈન્સ્ટીટયુટ ફોર ધ ડેફ ટ્રસ્ટના વડપણ નીચે શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા અને ટીચર્સ ટ્રેનિંગ કોલેજના સંયુકત ઉપક્રમે વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરાય હતી.

**૭. જનરલ કલબ (J.C.) :-** તા. ૫ ડિસેમ્બર અને તા. ૧૧ ડિસેમ્બર ના રોજ અનુક્રમે Symentry of Math' and its knowledge તથા Social & Political Life વિષય પર જનરલ કલબ યોજાય હતી. જેમાં નગેન્દ્ર યાદવ, પ્રિયાકુમારી, પ્રદીપ યાદવ, દિવ્યા રાઉંતવાર, બિનીતા યાદવે ભાગ લીધો હતો. સમ્રગ J.C. નું આયોજન અને સંચાલન શ્રી સંતોષભાઈ યાદવ, શ્રી દીપકભાઈ પટેલ અને સુ. શ્રી મંજુબેન યાદવના માર્ગદર્શન હેઠળ થયું હતું.

**૮. NCEDની વાર્ષિક સભા :-** તા. ૨૦ થી ૨૨ ડિસેમ્બર દરમિયાન શ્રી પી.એન.આર. સોસાયટી અને શ્રી કે. એલ. શાહ ઈન્સ્ટીટયુટ ફોર ધ ડેફના યજમાન પદે, NCED ગુજરાત ચેપ્ટરની ૭મી વાર્ષિક સભા નટરાજ ઓડિટોરીયમ, નટરાજ કોલેજ ખાતે યોજાય હતી. જેમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના ૩૦થી વધુ તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ પોતાના વિષય પર સંશોધનપત્રો રજૂ કરેલ. જેમાં વિદ્યાર્થી કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણેય ઈનામો ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓએ પ્રાપ્ત કર્યા હતાં, જયારે શિક્ષક કેટેગરીમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના મુલાકાતી અધ્યાપક ડૉ. જીગર શાહને તેના સંશોધન પત્ર માટે **પ્રથમ નંબર** પ્રાપ્ત થયેલ.

**૯. ઈન્ટરનેશનલ કોન્ફરન્સ :-** તા. ૧૮ ડિસેમ્બરના રોજ, સ્વામી સહજાનંદ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ દ્વારા **'ચેલેન્જ ઈન હાયર એજયુકેશન'** વિષય પર યોજાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ શ્રી સંતોષભાઈ યાદવે ભાગ લીધો હતો. અને આ કોન્ફરન્સમાં તેઓશ્રીએ પોતાનું સંશોધન પેપર પણ રજૂ કરેલ, જેને ઉપસ્થિત તજજ્ઞોએ ખૂબ પ્રસંશા કરેલ.

**૧૦. બી.એડ. અને ડી. એડ. ના તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ :-** તા. ૧-૧૨-૨૦૧૭ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધી ૧ મહિનાની દ્વિતીય વર્ષ બી.એડ.ના તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ શ્રી ભીમરાવ આંબેડકર પ્રાથમિક શાળા, શાળા નં. ૮૦, વિદ્યાનગર ખાતે યોજાયેલ. જયારે તા. ૨૬-૧૨-૨૦૧૭ થી તા. ૮-૧-૨૦૧૮ સુધી પ્રથમ વર્ષ બી.એડ. અને પ્રથમ વર્ષ ડી.એડ.ના તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ, નિર્ભય સોસાયટી, ચિત્રા ખાતે યોજાયેલ.

**૧૧. ટ્રેનિંગ કોલેજના પ્રાધ્યાપકો દ્વારા ત્રણ સંશોધન પેપરો પ્રસિધ્ધ કરાયાં :-** ટીચર્સ ટ્રેનિંગ કોલેજના પ્રાધ્યાપક અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ શ્રી સંતોષભાઈ યાદવ અને મુલાકાતી

પ્રાધ્યાપક ડૉ. જીગરભાઈ શાહના ઈન્ટરનેશનલ મેગેઝિન IJRAR દ્વારા ત્રણ જેટલાં સંશોધન પેપર પ્રસિધ્ધ કરાયેલ. જેના ટાઈટલ આ પ્રમાણે છે. 1) Awareness among Special Educators about school Based Assessment for Children with Hearing Impairment. 2) Challenges Faced by the Special Educators to Teaching Language in Diverse Classroom. 3) Effectiveness on Intervening and Remedial Lesson Plan in Social Science for Teaching Children with Hearing Impairment.

**૧૨. સન્માન સમારોહ :-** PNR સોસાયટી દ્વારા આયોજિત વાર્ષિક કાર્યક્રમમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ શ્રી સંતોષભાઈ યાદવને તેમના શ્રેષ્ઠ પ્રદાન માટે પુરસ્કૃત કરાયાં હતાં. તેઓશ્રીને PNR સોસાયટીના ટ્રસ્ટીગણો અને મહેમાનશ્રીઓના હસ્તે સુંદર મેમેન્ટો આપવામાં આવ્યો હતો.

**૧૩. ક્રોસ ડિસેબિલિટી કોર્સની શરૂઆત :-** તા. ૧૬/૧ ના રોજ ટીચર્સ ટ્રેનિંગ કોલેજના ઉપક્રમે RCI દ્વારા માન્યતા પ્રાપ્ત વિવિધ વિકલાંગતાની માહિતી આપતો અને ટૂંકા ગાળાનો અભ્યાસક્રમ **"એડવાન્સ સર્ટિફિકેટ કોર્સ ઈન ઈન્કલુઝીવ એજ્યુકેશન (ક્રોસ ડિસેબિલિટી)"** નામનો કોર્સ કોલેજમાં ચાલુ કરવામાં આવ્યો હતો. આ કોર્સનો ઉદ્‌ઘાટન તા. ૧૯-૧ ના રોજ વિવિધ મહાનુભાવોની હાજરીમાં યોજાયો હતો.

**૧૪. બાહ્ય પરીક્ષા :-** તા. ૧૫-૧ થી તા. ૧૯-૧ સુધી પ્રથમ વર્ષ ડી.એડ. ના પ્રથમ સત્રની અને દ્વિતીય વર્ષ ડી.એડ.ના ત્રીજા સત્રની આંતરિક પરીક્ષા યોજાયેલ. જેમાં કુલ ૪૩ જેટલાં તાલીમાર્થીઓએ પરીક્ષા આપી હતી.

**૧૫. બાહ્ય પરીક્ષાનું પરિણામ:-** તા. ૨૩ નવેમ્બરથી તા. ૩૦ નવેમ્બર સુધી પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બી.એડ.ના તાલીમાર્થીઓની સૈદ્ધાંતિક વિષયોની યુનિવર્સિટીની બાહ્ય પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બી.એડ.ના કુલ ૧૧ તાલીમાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પરીક્ષાનું પરિણામ તા. ૨૦-૧-૨૦૧૮ ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયું હતું. આ પરીક્ષામાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બી.એડ.ના તમામ તાલીમાર્થીઓ પાસ થયેલ એટલે કે સંસ્થાનું ૧૦૦% પરિણામ આવેલ છે. જેમાં દ્વિતીય વર્ષમાં અનુક્રમે પ્રથમ ક્રમે સપના દેવી, દ્વિતીય ક્રમે સ્તુતીબેન દવે અને તૃતીય ક્રમે દિવ્યા રાઉતવાર રહયાં હતાં. જયારે પ્રથમ વર્ષ બી.એડ.ના તાલીમાર્થીઓમાં પ્રથમ ક્રમે રેણુકાબેન અને દ્વિતીય નંબર રૂપારેલીયા હિતેશભાઈએ પ્રાપ્ત કરેલ છે.

**૧૬. વસંત પંચમીની ઉજવણી :-** તા. ૨૨-૧ ના રોજ વસંત પંચમીના રોજ કોલેજના વર્ગખંડમાં સરસ્વતી માતાનું પૂજન કરી વસંત પંચમી ઉજવવામાં આવેલ.

**૧૭. ૬૯માં ગણતંત્ર દિવસની ઉજવણી :-** તા. ૨૬-૧ ના રોજ શાળાના પટાંગણમાં ૬૯માં ગણતંત્ર દિવસની ઉજવણી કરાય હતી. જેમાં ખી.લ. બહેરાં મૂંગા શાળા અને ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તમામ વિદ્યાર્થીઓ, તાલીમાર્થીઓ, અધ્યાપકગણ અને ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેલ. આ ઉજવણીમાં ટીચર્સ ટ્રેનિગ કોલેજના તાલીમાર્થીઓએ સુંદર માઈમ અને જૂથ કાર્ય પ્રવૃત્તિ કરેલ, જેને સમગ્ર લોકોએ ખૂબજ સરાહેલ.

**૧૮. ડી. એડ્. અને બી. એડ્. (દ્વિતીય વર્ષ)ની ઈન્ટર્નશીપ :-** તા. ૨૧-૧ થી તા. ૨-૨ સુધી મૂક બધિર સંગઠન સંચાલિત, ઈન્દોર ડેફ બાઈલિંગ્યુલ એકેડમી, ઈન્દોર, મધ્યપ્રદેશ ખાતે, દ્વિતીય વર્ષ બી. એડ્. અને દ્વિતીય વર્ષ ડી. એડ્.ના તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ યોજાઈ હતી. તમામ તાલીમાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક તેમના લેશન પ્લાન લીધાં હતાં. તમામ તાલીમાર્થીઓના માર્ગદર્શક તરીકે પ્રા. દિપકભાઈ પટેલ અને સુ. શ્રી મંજુબેન યાદવે પ્રસંશનીય કાર્ય કર્યું હતું. મૂક બધિર સંગઠન દ્વારા, તમામ તાલીમાર્થીઓને ઈન્ટર્નશીપના પ્રમાણપત્રો આપીને પ્રોત્સાહિત કર્યા હતાં.

તા. ૨૦-૩ થી ૨૩-૩ દરમિયાન, CSR ક્ષેત્રે કાર્યરત મુંબઈના **રિવીકા બિહાવટક, મિસ શિપ્રા બક્ષી** અને **મિસ નૂરીન શાએ** પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓ અને તેના વિભાગોની મુલાકાત લીધેલ હતી. સંસ્થાનો ઈતિહાસ, તેનું વાતાવરણ, તેનો સ્ટાફ, કાર્યકર્તાઓ, અને સંસ્થાના મિશન અને વિઝન અંગે જાણી, તેઓ હાલના ઈન્ફોર્મેશન યુગમાં સંસ્થાએ પોતાના સર્વાંગિ વિકાસ માટે શું-શું કરવું જોઈએ ? એ અંગે વિસ્તૃત અહેવાલ આપશે. આ તજજ્ઞોની સાથે મુંબઈથી ટ્રસ્ટી શ્રી ભરતભાઈ પારેખ અને શ્રી પ્રકાશભાઈ દેસાઈ આવ્યાં હતાં, અને અહિ ટ્રસ્ટી-હોદ્દેદારો સાથેની મીટિંગમાં તેઓ ખાસ ઉપસ્થિત રહયાં હતાં.





# સંક્ષિપ્ત સમાચાર

✍ બિન્દીબેન ત્રિવેદી



## શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા - છાત્રાલય

◈ સંસ્થાની બહેરાં-મૂંગા શાળાની દિકરીઓ, અંધશાળાની દિકરીઓ તથા 'અંકુર' શાળાની દિકરીઓને, શ્રીમતી મલ્લિકાબેન દેવેનભાઈ શેઠ (શેઠ બ્રધર્સ) તરફથી અંદાજે રૂા. ૧ લાખ રૂપિયાની કિંમતની કૂર્તિ ભેટમાં આપેલ તથા શ્રી હીરાભાઈ સચદેવના પરિવાર તરફથી સંસ્થાના બહેરાં-મૂંગા વિદ્યાર્થીઓ (દિકરીઓ) ધો. ૮ થી ૧૨ અને ટીચર્સ ટ્રેનિંગ કોલેજના વિદ્યાર્થીઓ દરેકને જીન્સ પેન્ટ અને શર્ટ અંદાજે રૂા. ૧ લાખની કિંમતના દાનમાં આપેલ. તેમજ શ્રી કમલેશભાઈ આર. શેઠ (શેઠ બ્રધર્સ) તરફથી ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ કે જેઓ માર્ચમાં બોર્ડની પરીક્ષા આપવાના હતાં. આ માટે સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ પ્રયત્ન કરેલ. તેમના વિદાય સમારંભમાં દરેક બાળકને ફોલ્ડર ફાઈલ ભેટ આપેલ. શાળાના આચાર્યશ્રીએ તથા સંસ્થા પરિવારે તેઓનો આભાર માનેલ.




◈ તા. ૧૩-૨ ના રોજ **શિવરાત્રિના તહેવાર** નિમિત્તે છાત્રાલયના બાળકોને આ તહેવાર વિષેની જાણકારી આપેલ અને બધાંજ બાળકોને તખ્તેશ્વર મંદિર લઈ જઈ, મહાદેવના દર્શન કરાવેલ અને પૂજા કરી, શિવરાત્રિનો તહેવાર ઉજવેલ.

◈ તા. ૨૫-૨ ના રોજ શ્રી પ્રિન્સ શર્માના જન્મદિવસ નિમીત્તે, તેના વાલીએ હોટલમાં ઉજવણી કરવાને બદલે, છાત્રાલયના બાળકો સાથે પોતાના જન્મદિવસ ઉજવ્યો. બધાંજ બાળકોને પાંઉભાજી, છાશ, સલાડ અને કેકનું ભોજન કરાવ્યું અને આનંદ કર્યો.

◈ તા. ૨-૩ ના રોજ ધૂળેટીના તહેવારના છાત્રાલયનું ભોજન, બાળકોની ઈચ્છા મુજબનું પુરી, મઠ્ઠો અને ફરસાણ બનાવી બાળકોને જમાડવામાં આવ્યાં. મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ બાળકોને ચોકલેટ આપી અને **તિલક હોળી** રમી, બાળકો સાથે તહેવાર ઉજવેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ કીર્તિબેન ચાવડા



## શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય

**હોળી-ધૂળેટી પર્વની ઉજવણી :-** શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રલાયમાં હોળી-ધૂળેટી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવેલ હતી.







# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## ‘અંકુર’ મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### મેડિકલ ચેકઅપ કેમ્પ

તા.૦૭/૦૨/૨૦૧૮ના રોજ શાળા ખાતે દર વર્ષની માફક આ વર્ષે પણ ગુજરાત સરકાર દ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત શાળાના બાળકો માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. પ્રણવ પુનાસનવાલા (પીડિયાટ્રીશ્યન) તેમજ ડૉ. અશોક વાળા (સાઈકિયાટ્રિક) એ સેવા આપી શાળાના કુલ ૧૨૦ બાળકોનું ચેકઅપ કરેલ. તેમજ જરૂરી ફોલોઅપ માટે વાલીને માહિતગાર કરવામાં આવેલ.

### દૈનિક ક્રિયા અંગેનો ટ્રેનિંગ પ્રોગ્રામ

તા.૨૦/૨/૨૦૧૮ના રોજ ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા ખાતે, મંદબુધ્ધિ બાળકોના વાલીઓ માટે ADL દૈનિક ક્રિયાઓ અંગેનો એક તાલીમ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. પ્રોગ્રામની શરૂઆત, વાલીઓ દ્વારા દીપ પ્રાગટયથી કરવામાં આવેલ. ત્યારબાદ ટ્રસ્ટીશ્રી ધંધુકિયા સાહેબ દ્વારા શાબ્દિક પ્રવચન આપવામાં આવેલ. તાલીમ પ્રોગ્રામનો મુખ્ય હેતુ શાળાના શિક્ષકશ્રી પારૂલબેન પાઠક દ્વારા જણાવવામાં આવેલ. જેમાં મંદબુધ્ધિ બાળકોને બ્રશ કરવાની તાલીમ, ભોજનની ટ્રેનિંગ, ટોયલેટ ટ્રેનિંગ, નાહવાની ટ્રેનિંગ વિગેરે વિસ્તૃત રીતે માહિતી પુરી પાડવામાં આવેલ. જેમાં કુલ ૩૭ વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

### ઉદ્‌ઘાટન સમારંભ




તા. ૨૭/૨ ના રોજ શાળા ખાતે **સેન્સરી થેરાપી** રૂમ તથા **ક્લાસરૂમ ફર્નિચર**નો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયેલ. PGVCL દ્વારા આ બંને પ્રોજેકટ માટે રૂા. ૮,૫૦,૦૦૦/- નું દાન પ્રાપ્ત થયેલ. આ પ્રસંગે શ્રી સુધીરભાઈ ભટ્ટ (કંપની સેક્રેટરી, PGVCL, રાજકોટ) તેમજ શ્રી એ.જી. તન્નારાણા સાહેબ (ચીફ એન્જીનીયરશ્રી, PGVCL, ભાવનગર ઝોન) ઉપસ્થિત રહેલ. શાળાની વિદ્યાર્થીની ધારા ત્રિવેદીની પ્રાર્થના બાદ, સ્વાગત પ્રવચન શ્રી દેવલભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ. શ્રી ડી. જે. ધંધુકિયાએ આવેલ મહેમાનોનું પૂષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરેલ, તથા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) દ્વારા સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવેલ. ત્યારબાદ સેન્સરીરૂમ પ્રોજેકટ અંગે, શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા માહિતી અપાયેલ. આ પ્રસંગે શાળાના બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવેલ. શ્રી સુધીરભાઈ ભટ્ટ તેમજ, શ્રી એ.જી. તન્નારાણાએ પ્રાસંગિક પ્રવચન આપેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધિ શ્રી પારસભાઈ પરમારે કરેલ.

### પ્રભુવંદના કાર્યક્રમ




તા. ૧૧/૩/૨૦૧૮ના રોજ દાતાશ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈના સ્વ. પિતાશ્રી જયંતિલાલ દુર્લભજીભાઈ દેસાઈ તથા શ્રી ખુશેન્દ્રભાઈના ધર્મપત્નિ સ્વ. થોરુનબેનના સ્મણાર્થે પ્રભુવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં શ્રી ભાવનાબેન અંધારિયા, શ્રી રેશ્માબેન શાહ તથા શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ ભજન કિર્તન દ્વારા શ્રધ્ધાંજલી અર્પેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ કરેલ. આ પ્રસંગે વિવિધ સંસ્થાઓના હોદ્દારો ઉપસ્થિત રહેલ તથા શ્રી બાબાભાઈએ સ્વ. થોરુનબેનના જીવન પ્રસંગો વર્ણવેલ.

### શ્રી દેવલભાઈ શેઠની ઉપપ્રમુખ તરીકે નિયુકતી



તાજેતરમાં ભાવનગર ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝની યોજાયેલી ચુંટણીમાં, અંકુર શાળાના માનદ્ ટ્રેઝરર, તેમજ વૈષ્ણવ સમાજના અગ્રણી શ્રી દેવલભાઈ શેઠની, **ઉપપ્રમુખ** તરીકે વરણી કરવામાં આવેલ છે. સંસ્થા પરિવાર દ્વારા શ્રી દેવલભાઈને ખૂબ-ખૂબ અભિનંદન, સાથો-સાથ આપ ભવિષ્યમાં ખૂબ જ પ્રગતિ કરો તેવી શુભેચ્છા.

# ૧ ફેબ્રુ '૧૮ થી ૩૧ માર્ચ '૧૮ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

| | |
|---|---|
| Shri Shivanee Joshi - Ahemdabad | 5,000 |
| Shri Sureshbhai D. Makati - Bhavnagar | 5,000 |
| Shri Shashikant Ratilal Vadhar - Bhavnagar | 25,000 |
| Dr. R. B. Thorat - Bhavnagar | 40,000 |
| Shri Parasbhai C. Shah - Bhavnagar | 1,000 |
| Shri Harshakantbhai P. Rakhashia - Bhavnagar | 1,000 |
| Shri Kanaiyalal Damodardas Padia - Bhavnagar | 1,000 |
| Shri Anantrai K. Shah - Bhavnagar | 2,500 |
| Shri Kiritbhai A Rathod - Bhavnagar | 1,000 |
| Shri Anantrai A. Shah - Bhavnagar | 1,000 |
| Shri Shashikant Ratilal Vadhar - Bhavnagar | 2,500 |
| Shri D J Dhandhukiya - Bhavnagar | 5,000 |
| Shri Vyas Karthik Maheshbhai - Bhavnagar | 1,000 |
| Shri Anil Singh - Bhavnagar | 1,000 |
| Shri Diksheshbhai - Bhavnagar | 1,000 |
| Shri Jignaben Nitinbhaibhai Solanki - Bhavnagar | 1,000 |
| Shri Khevnaben Shashankbhai Oza - Bhavnagar | 1,000 |
| Shri Truptiben Mehta - Bhavnagar | 1,000 |
| Shri Vyas Varunbhai Maheshbhai - Bhavnagar | 1,000 |
| Shri Sneh Seva Charitable Trust - Mahesana | 45,000 |
| Nilkamal Foundation - Mumbai | 283,000 |
| Shri Gajaraben Nanubhai Desai - Mumbai | 31,000 |
| Shri Navnat Vanik Association - Mumbai | 30,000 |
| Dr. Rakesh Markandeya - Solan(HP) | 5,000 |
| Dr. Subhash Vohra - Ahemdabad | 5,000 |
| Shri Ninaben S. Vohra - Ahemdabad | 5,000 |
| Shri Bhupatrai Mondas Parekh - Mumbai | 1,000 |
| Shri Varsha Rajoo Shah - Mumbai | 35,000 |
| Shri Madhuri Girishbhai Mehta - Mumbai | 20,000 |
| Shri Kawarlal And Co. - Chennai | 15,000 |
| Shri Batulben Jivajibhai - London(U.K.) | 20,000 |
| Shri Bharti Vora - Mumbai | 5,000 |
| Shri Bharatbhai P. Daftary - Ahemdabad | 25,000 |
| Shri Sanaya Realties Private Limited - Mumbai | 11,000 |
| Shri Navdeep Chemicals Pvt Ltd - Mumbai | 50,000 |
| Shri Chandrakantbhai Gandhi - Mumbai | 2,000 |
| Shri Rutul Prashantbhai Desai - Ahemdabad | 2,000 |
| Shri Janu Mohandas - Banglore | 100,000 |
| Shri Rutul Prashantbhai Desai - Ahemdabad | 2,000 |
| Shri Rutul Prashantbhai Desai - Ahemdabad | 1,000 |
| Shri Chetnaben Jatinbhai Sheth-Surendranagar | 10,000 |
| Shri Rasiklal N. Hemani - Delhi | 700,000 |
| Shri Pannaben Rasiklal Hemani - Delhi | 700,000 |
| Shri Charul Ambrish Munshi - Mumbai | 25,000 |
| Shri Rajesh Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Jivan Bansal - Bhavnagar | 5,100 |
| Shri Bakubhai Jatashankar Parekh - Mumbai | 5,000 |
| Shri Rameshchandra Vadilal Doshi - Mumbai | 5,000 |
| Shri Chandrashankar A. Dave - Bhavnagar | 11,000 |
| Shri Hasumatiben Chandrashankar Dave - Bhavnagar | 11,000 |
| Shri Purab Securities Pvt Ltd - Mumbai | 18,000 |
| Shri Sanghavi Hirenbhai - Mumbai | 15,000 |
| Shri Kampani Charitble Trust - Mumbai | 150,000 |
| Shri Jayagauri Manubhai Gheewala - Mumbai | 100,000 |
| Shri Kumudben Manilal Shah - Mumbai | 15,000 |
| Shri Dinshaw Darabsha Siganporia - Mumbai | 40,000 |
| Shri Suresh Harilal Shah - Mumbai | 11,000 |
| Shri Himatlal Shantilal Sheth - Mumbai | 51,000 |
| Smt. Shantaben Ratilaltrikamaji Mehta-Mumbai | 7,500 |
| Shri South Handlooms - Chennai | 200,000 |
| Shri Aum Mangukiya - Bhavnagar | 1,100 |
| Shri Manoj Pandey - New Delhi | 10,000 |
| Shri Kawarlal And Co. - Chennai | 15,000 |
| Shri Techno Color Corporation - Mumbai | 300,000 |
| Shri Bharat Sevak Samaj - Surendranagar | 50,000 |
| Shri Advent Dyestuffs & Chemicals Pvt Ltd - Mumbai | 800,000 |
| Shri Swaminarayan Mandir - Sardhar | 21,000 |
| Shri Parag Jitendra Parekh - Mumbai | 10,000 |
| Shri Precision Wires India Limited - Mumbai | 25,000 |
| Shri Shasank B. Shah - Banglore | 72,000 |
| Shri Dipak Rajnikant Solani - Mumbai | 5,000 |
| Dr.damayanti N. Maniar - Mumbai | 51,000 |
| Shri Shital Ruchir Sheth - Mumbai | 11,111 |
| Shri Balwantrai Chhaganlal Mehta - Mumbai | 25,000 |
| Shri Bharat Sevak Samaj - Surendranagar | 122,500 |
| Shri Labdhi Enterprise - Bhavnagar | 50,000 |
| Shri Shreyas Pracharak Sabha - Mumbai | 50,000 |
| Shri K. N. Shah Charitable Trust - Mumbai | 2,000,000 |
| Shri K. N. Shah Charitable Trust - Mumbai | 1,000,000 |
| Shri K. N. Shah Charitable Trust - Mumbai | 600,000 |
| Shri Jayaben & Jayantilal Modi Foundation - Mumbai | 100,000 |
| Shri Harsukh B Mehta Charitable Trust - Mumbai | 50,000 |
| Shri Deepa T. Shah - Mumbai | 2,500 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Shri Shantaben K. Rathod - Bhavnagar | 11000 |
| Shri Subodhchandra V. Shah - Bhavnagar | 5000 |
| Shri Kokilaben M. Shah - Ahmedabad | 15000 |
| Shri Kalpanaben H Doshi - Mumbai | 3000 |
| Shri Navnath Vanik Association (U. K.) - Mumbai | 30000 |
| Shri Pareshkumar Kantilal Shah - Bhavnagar | 10000 |
| Shri Ramlal Kawarlal Jain - Chennai | 50000 |
| Shri Darshan Sureshbhai Pandya - Hyderabad | 100000 |
| Shri Sureshbhai H. Makati - Bhavnagar | 5000 |
| Shri Bakulbhai N. Rajpura - Bhavnagar | 5001 |
| Shri Batulben Jiwaji - Rajkot | 15000 |
| Shri Dr. Rakshaben P. Dave - Bhavnagar | 6000 |
| Shri Jayaben D. Parmar - Rajkot | 5000 |
| Shri Darshita Bimal Rajguru - Vadodara | 31000 |
| Dr. Rakshaben P. Dave - Bhavnagar | 100000 |
| M/S. Innarwheel Club Of Bhavnagar - Bhavnagar | 10000 |
| Shri Bhupatrai Mohandas Parekh - Mumbai | 1000 |
| Shri Janta Janardan Parishad - Surat | 11000 |

| | |
|---|---|
| Shri Minali Saurabh Parikh - Mumbai | 15000 |
| M/S. Rotary Club Of Puna University Ch.tr.-Puna | 15000 |
| M/S. Ulhas Chandrakant Paymaster - Mumbai | 51000 |
| Late Shri Arunaben Mahendrsinh - Bhavnagar | 1000 |
| Shri Asha Pradeep Shah - Mumbai | 75000 |
| Shri Sarvesh Jain & Madhu Jain - Bhavnagar | 11000 |
| Shri Bakulbhai Jatashankar Parekh - Mumbai | 10000 |
| Shri Mohanbhai Manjibhai Kakadiya - Surat | 15000 |
| Shri Hemantbhai K. Bhayani - Bhavnagar | 4500 |
| Shri Rajesh Ramniklal Modi - Mumbai | 5000 |
| Shri Rameshchandra Vadilal Doshi Chha.-Mumbai | 5000 |
| Param Pujya Gajnayak Hemchandra Vijayji Maharaj Saheb - Bhavnagar | 3500 |
| Shri Hema V. Sagar - Bhavnagar | 2000 |
| Shri S. C. Anandpara (Huf) - Mumbai | 25000 |
| Shri Gunvantrai Hirjibhai Solanki - Palitana | 2600 |
| Dr. Siddhrajsinh D. Vala - Bhavnagar | 6000 |
| Shri Ramlal Kawarlal Jain - Chennai | 50000 |
| Shri Vikram Navnitlal Mehta - Mumbai | 15000 |
| Shri Dudhiben Devchand Mehta Charitable - Mumbai | 2500 |
| Shri Radhika I. Rana - Indrajitsinh Rana - Bhavnagar | 5000 |
| Shri Shrenuj Jagatkumar Zaveri - Bhavnagar | 12000 |
| Chhatralay Staff - Bhavnagar | 6000 |
| Kids Zone - Bhavnagar | 5000 |
| Smt. Kusumben Rasiklal & Rasiklal Lakdawala - Mumbai | 11000 |
| Shri Pravinaben Gopalbhai Jani - Bhavnagar | 5000 |
| M/S. Neelkamal Foundation - Mumbai | 1028320 |
| Shri Ushaben Gosaliya - Mumbai | 11000 |
| Shri Piyushbhai Rathod - Bhavnagar | 5000 |
| Shri Rohitbhai Samnani - Bhavnagar | 5000 |
| Shri Dhirajlal Vrajlal Chudasama - Bhavnagar | 5000 |
| Sec. The Bhavnagar Paper Books & Stationery Merchant - Bhavnagar | 5000 |
| M/S. Imperial Waterproofing Indst. Pvt. Ltd. - Mumbai | 100000 |
| M/S. Medinex Laboratories Pvt. Ltd. - Bhavnagar | 100000 |
| M/S. Medinex Speciality Chemical Pvt.ltd. - Bhavnagar | 25000 |
| Shri Induben V. Shah - Bhavnagar | 3250 |
| Shri Bhaveshkumar Himatbhai Chavda - Bhavnagar | 31000 |
| Shri Ajaybhai Jasvantrai Thar - Bhavnagar | 5000 |
| Shri Amit Dineshchandra Shah - Mumbai | 50000 |
| Shri Disha Shreyans Shah - Mumbai | 50000 |
| Shri Vile Parle Vardhaman Sthan. Shravak Sangh - Mumbai | 5000 |
| M/S. Hindustan Pencils Pvt. Ltd. - Mumbai | 60000 |
| M/S. Akry Organics Pvt. Ltd. - Mumbai | 600000 |

**દાતાશ્રીઓનો ફોટો**

**રૂા. ૨૫૦૦૦/- કે તેથી વધુ રકમદાન આપનાર દાતાશ્રીઓનો પાસપોર્ટ સાઈઝ ફોટો મોકલશો, તો 'કોશિશ' માસિકમાં મૂકવાની યોજના કરવામાં આવી છે.**

**- મંત્રી**

| | |
|---|---|
| M/S. K. N. Shah Charitable Trust - Mumbai | 100000 |
| Shri Madhu Dulerai Parekh - Mumbai | 200000 |
| Shri Chandrika Ashokkumar Vyas - Mumbai | 1100 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

| | |
|---|---|
| M/s. PGVCL - Bhavnagar | 850000 |
| Shri Kanvarlal & Co. - Chennai | 20000 |
| Smt. Shantaben Ratilal Trikamji Maheta Charitable Trust - Mumbai | 15000 |
| Shri Devendrabhai R. Sheth - Bhavnagar | 11000 |
| Shri Rajeshbhai Nandlal hakani - Bhavnagar | 11000 |
| Shri Ajaybhai Doshi - Bhavnagar | 11000 |
| Shri Shikhaben Shrivastav - Vadodara | 10000 |
| Shri Dhirajben Narendrabhai Shah - Bhavnagar | 8500 |
| Well Wishers - Bhavnagar | 6100 |
| Shri Anandbhai B. Pandya - Bhavnagar | 6015 |
| Shri Ranjitbhai C. Shah - Mumbai | 5500 |
| Shri Abhibhai Talajiya - Mumbai | 5500 |
| Shri Shankutala Inamdar - Mumbai | 5500 |
| Shri Jaykeshbhai Inamdar - Mumbai | 5500 |
| Shir Rameshchandra Wadilal Doshi Charitable Trust - Mumbai | 5500 |
| Shri Bakulbhai Parekh - Bhavnagar | 5500 |
| Shri Sonalben M. Trivedi - Bhavnagar | 5000 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 5000 |
| Shri Rajeshbhai Ramniklal Modi- Mumbai | 5000 |
| Shri Dravida Upadhyay Shri Udhvalji Memorial Trust - Vadodara | 5000 |
| Shri Aashiya Abdul Satarbhai Dholiya - Bhavnagar | 5000 |
| Shri D. L. Sachdev Charitable Trust - Haidrabad | 4500 |
| Shri Mahendrabhai Uttamchand Shah - Bhavnagar | 3000 |
| Shri Atulkumar Rajnikant Parikh - Nadiyad | 3000 |
| Smt. Truptiba Meghdipsinh Raol - Rajkot | 2500 |
| Shri Jasvantbhai Jagad - Bhavnagar | 2500 |
| Shri Pankajbhai Nagindas Shah - Lakhtar | 1701 |
| Shri Khimchandbhai Sukhlal Parivar - Lakhtar | 1501 |
| Shri Manharbhai P. Chauhan - Bhavnagar | 1111 |
| Well Wishers - Bhavnagar | 1100 |
| Shri Jignyaben - Bhavnagar | 1100 |
| Shri Kureshi Najim - Bhavnagar | 1100 |
| Shri Sarlaben Maheshbhai Gandhi - Bhavnagar | 1001 |
| Shri Bhupatrai M Parekh - Mumbai | 1000 |
| Shri Ujvalbhai Navinchandra Pau - Rajkot | 1000 |
| Shri Sureshbhai Reliya - Bhavnagar | 1000 |
| Well Wishers - Bhavnagar | 1000 |

**આગ્રહ**

મંદિરો અને ધાર્મિક સંસ્થાઓ કરતાં વધુ જરૂર **માનવ મંદિર** અને **માનવ દેવોની સેવા** છે, એમહું માનું છું. પશુઓ માટે પાંજરાપોળો છે, પરંતુ વૃધ્ધો, નિરાધારો, અનાથ, અપંગોની માટે જરૂરી સંસ્થાઓ વધુ જરૂરી છે, આપશ્રી અમને માર્ગદર્શન આપશો, તેવી વિનંતી.

**ધીરજ,** પ્રમુખ/મંત્રી
ધાંગ્રધ્રા ઈતિહાસ સંશોધન મંડળ, ધ્રાંગધ્રા. જિ. સુરેન્દ્રનગર.

# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા મુખ્ય સમાચાર



✍ ભક્તિ મહેતા

**જાગૃતિ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ** જે છેલ્લાં પાંચ વર્ષથી જુદા-જુદા ક્ષેત્રમાં **બેસ્ટ નાગરિક**નો એવોર્ડ આપે છે. તેમજ મહિલાઓને પણ સન્માનિત કરે છે તે અંતર્ગત ૮ માર્ચ ૨૦૧૮ના **વિશ્વ મહિલા દિવસ** નિમીત્તે આપણી શાળાના શ્રી વિશ્વાબેન ભટ્ટ (શિક્ષક), શ્રી ચેતનાબેન મુલાણી (લાઈબ્રેરી સંચાલક), શ્રી સ્નેહાબેન જોશી (ગૃહમાતા), શ્રી હમીદાબેન (ચીનીબેન-છાત્રાલયના કેરટેકર) તથા શ્રી દક્ષાબેન પરમાર (પટ્ટાવાળા) આ પાંચ વ્યકિતઓને સન્માનિત કરાયાં. સમાજની મહિલાઓમાં રહેલી શકિતઓને ઊજાગર કરવાનો આ સંસ્થાનો હેતુ છે. ઉપરાંત આપણી સંસ્થાના ફાઉન્ડર વડીલ, **શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ)** ને **દિવ્યાંગોના મસીહા** તરીકેનો એવોર્ડ આપી, આ સંસ્થા દ્વારા સન્માનિત કરાયાં, જે આપણાં સૌ માટે ગૌરવની બાબત છે.



# સાઈલેન્ટ ઓલિમ્પિયાડ - ૨૦૧૮ - મુંબઈ

તા. ૮-૨ થી તા. ૧૦-૨ દરમિયાન બોમ્બે રાઉન્ડ ટેબલ - ૧૯ દ્વારા, સાઈલેન્ટ ઓલિમ્પિયાડ ૨૦૧૮ - મુંબઈ ખાતે યોજાયેલ. જેમાં આપણી શાળાના ૧૬ બાળકોએ ભાગ લીધેલ, જેમાંથી ૧૪ બાળકો વિજેતા થયેલ.

**ગોલ્ડ મેડલ :-** પ્રભા સોલંકી ૨૦૦ મી. દોડ (૧ નંબર), ૪૦૦ મી. દોડ (૧ નંબર), પારૂલ ચુડાસમા લોંગ જમ્પ (૧ નંબર), ગોપીરાજ ગોહિલ ૪૦૦ મી. દોડ (૧ નંબર) **સિલ્વર મેડલ :-** ગોપીરાજ ગોહિલ લોંગ જમ્પ (૨ નંબર), પારૂલ ચુડાસમા ૪×૧૦૦ રિલે દોડ (૨ નંબર), પ્રભા સોલંકી ૪×૧૦૦ રિલે દોડ (૨ નંબર), કાજલ ખૂંટી ૪×૧૦૦ રિલે દોડ (૨ નંબર), વિધી કામળીયા ૪×૧૦૦ રિલે દોડ **બ્રોન્ઝ મેડલ :-** માનસી ઘાસકટ્ટા ૨૦૦ મી. દોડ - ૪×૧૦૦ રિલે દોડ (૩ નંબર), કોમલ મેણિયા ૪×૧૦૦ રિલે દોડ (૩ નંબર), પ્રિન્સીબા ગોહિલ ૪×૧૦૦ રિલે દોડ (૩ નંબર), હિરલ બારૈયા ૪×૧૦૦ રિલે દોડ (૩ નંબર)

ઉપરાંત શિક્ષકોની ૧૦૦ મી. ની દોડની સ્પર્ધામાં આપણી શાળાના રમત શિક્ષક તથા ટીમના કોચ શ્રી સંદિપભાઈ ગોસ્વામીએ પ્રથમ નંબર મેળવેલ આમ ટોટલ ગોલ્ડ-૪, સિલ્વર-૫ અને બ્રોન્ઝ-૫ મેડલ મેળવી બાળકોએ સંસ્થાનું ગૌરવ વધારેલ, સર્વેને સંસ્થાના મંત્રીશ્રી, આચાર્યશ્રી, શિક્ષક મિત્રોએ અભિનંદન પાઠવેલ. આ કાર્યક્રમમાં **સાંસ્કૃતિક અભિવ્યકિત**માં આપણાં બાળકોએ **નેશનલ ફ્યૂઝન** ઈવેન્ટની પ્રસ્તુતિ કરી, પ્રથમ નંબર મેળવી રૂા. ૫૦૦૦/- નો પુરસ્કાર મેળવેલ અને બેસ્ટ ફિમેલ ડાન્સર તરીકે માનસી ઘાસકટ્ટાને રૂા. ૧૧૦૦/- નો પુરસ્કાર મળેલ. આ તમામને શાળા પરિવાર તરફથી અભિનંદન.

# વુમેન ગોટ ટેલેન્ટ પ્રોગ્રામમાં શ્રવણમંદ બાળાઓ




તા. ૨૫/૨ ના રોજ ભાવનગરના શિવશકિત હોલ ખાતે, **વુમેન ગોટ ટેલેન્ટ** નામનો પ્રોગ્રામ યોજાયો હતો. જે અંતર્ગત મહિલાઓને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ પ્રવૃત્તિઓ તથા સ્પર્ધાઓ રાખવામાં આવેલ. જેમાં શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાની ૧૫ દિકરીઓએ જુદી-જુદી ઈવેન્ટમાં ભાગ લીધેલ. **નેઈલ આર્ટ સ્પર્ધા**માં શાળાની હની પટેલ, કોમલ ડાંગર અને જાનવિકા કવાડે ભાગ લઈ, ખૂબજ સુંદર આર્ટ બતાવી હતી. **એસેસરીઝ ડેકોરેશન**ની સ્પર્ધામાં અસ્મિતા રાઠોડે બીજો નંબર પ્રાપ્ત કરી ટ્રોફી મેળવેલ. **વેસ્ટમાંથી બેસ્ટ**ની સ્પર્ધામાં બંસરી ધંધુકિયા અને જલ્પાએ ભાગ લીધેલ. **સેલ્ફી ઝોન સ્પર્ધા**માં કુલ ૮ દિકરીઓ ૧. મીરા કરમૂર, ૨. મીરા ડાંગર, ૩. કુંદન હડીયા, ૪. નીરૂ પાનસૂરિયા, ૫. આસ્થા ઝાલા, ૬. મોનિકા લાઠીયા, ૭. મનીષા કાર અને ૮. પારૂલ ચુડાસમાએ ભાગ લીધેલ. જેઓએ <u>**મા તે મા**</u> થીમ પર નાટક પ્રસ્તુત કરેલ. પ્રેક્ષકોએ આ થીમને તાળીઓથી વધાવી હતી. આ તમામ બાળકોને કૃતિ તૈયાર કરાવવામાં તથા ઈવેન્ટની રજૂઆતમાં શાળાના શિક્ષક શ્રી વિશ્વાબેન ભટ્ટ, શ્રી મીનાબેન રૂપેરા, શ્રી દર્શનાબેન જાની, શ્રી ચંદ્રિકાબેન પરમાર તથા શ્રી ધ્રુવીબેને સહયોગ આપેલ. આચાર્યશ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી તથા શ્રી ઈલાબેન મજમુદારે આ કાર્યક્રમમાં હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં.

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 April - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24



Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com